# અધ્યાત્મ



વર્ષ : ૧૧   જુન–૧૯૯૧   અંક : ૯

# અમદાવાદમાં ગુરુપૂજન સમારંભ

૨૩, જૂન-૧૯૯૧, રવિવાર.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી જુલાઇ ૧૯૯૧ માં વિદેશયાત્રાએ પધારી રહ્યાં છે તે પહેલાં સર્વ સાધકોને દર્શન અને સત્સંગનો લાભ મળી રહે તે હેતુથી અમદાવાદના આંગણે શ્રી મધુરિકા શાહ હોલ (કોમર્સ કોલેજ પાછળ, સેંટ ઝેવિયર કોલેજ કોરનર, નવરંગપુરા ખાતે તા. ૨૩–૬–૯૧ ને રવિવારે આખા દિવસનો ખાસ કાર્યક્રમ સવારના ૮–30 થી રાખવામાં આવ્યો છે. બપોરનું ભોજન પણ આવનાર સાધક ભાઇ–બહેનોને ત્યાંજ આપવામાં આવશે. ભાગ લેવા ઇચ્છા સાધકોએ વ્યક્તિગતરીતે કે કેન્દ્રો મારફત પોતાની સભ્ય સંખ્યા શ્રી બાબુભાઇ વોરા, ૩૧ ગવર્નમેન્ટ સરવન્ટ્સ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯ ને જણાવવા વિનંતી છે.

સાધકો એ પણ નોંધ લે કે તા. ૨૨–૬–૯૧ ને શનિવારના રોજ સાંજના ૬–30 થી ૮–OO સુધી પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં દર્શન–સત્સંગ–મુલાકાત વગેરેનો લાભ પણ **સત્યપથ** (નારણપુરા પોસ્ટ ઓફિસ સામે) ખાતે મળી શકશે.

બહારગામથી આવનાર સાધકોએ ઉતારાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની છે.

આ કાર્યક્રમનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યું છે.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–OO વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-OO
વિદેશમાં રૂ. ૧૨૫-OO (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| માની મમતા | હરિભાઈ ભોજાણી | ૯ |
| હરદ્વારમાં અનોખો સત્સંગ (૨) | સર્વેશ્વરીપદરેણુ | ૧૨ |
| મારી વાત | ભીખાભાઈ જી. જાગાણી | ૧૯ |
| સુધાવદની સંગે ચંદ્રવદની | જ્યોત્સ્ના ભ. ત્રિવેદી | ૨૭ |
| સાખી | રામશરણજી | ૩૩ |
| કુંભકર્ણને | ' અનામી ' | ૩૪ |
| વાત્સલ્યમૂર્તિ સર્વેશ્વરી માના પ્રથમ દર્શને | મહેન્દ્ર ઇ. પંડયા | ૩૫ |
| કર્મસાધના | રતિલાલ ભાવસાર | ૩૬ |
| સદ્‌ભાવભરી ભેટ | — | ૩૭ |
| આત્મવિશ્વાસ | કમલ સુથાર | ૩૯ |
| રામાયણ એક ચિંતન | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૪૪ |
| ગળાની ગાંઠ વગર ઓપરેશને મટી | સરસ્વતી ના. જાની | ૫૧ |
| જ્ઞાનપ્રાપ્તિ માટે નમ્રતા આવશ્યક | યોગેશ્વરજી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ જુન–૧૯૯૧ અંક : ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સંવત ૨૦૩૬, આસો સુદ ચૌદસ, તા. ૬/૧૧/૮૦ ગુરુવાર.**

સવારે ૮ વાગ્યે સૌ ભક્તો સાથે પૂ. શ્રીએ ગંગાસ્નાન માટે ત્રિવેણીઘાટ ઉપર પ્રયાણ કર્યું. સૌએ સ્નાન કર્યું. સર્વેશ્વરીને પણ સ્નાનની ઈચ્છા હતી, જેથી તેમણે પણ દૂર જઈ સ્નાન કર્યું.

સ્નાન બાદ સૌ દસેક મિનિટ ધ્યાનમાં બેઠા. પૂ. શ્રીએ ત્યારબાદ સૌ ભક્તો સાથે પગે ચાલીને ગંગા કિનારાનું દર્શન કરાવ્યું.

સવારે સ્નાન માટે જતાં પહેલાં પૂ. શ્રી જે ભરતમંદિરની ધર્મશાળામાં ૧૯૫૨ થી રહ્યા તે ઓરડી સહુને બતાવી.

ત્યાં વળી 'પરમાત્માદેવી' (ભારતીબાબાનાં પુત્રી) નામના

એક બેનની મુલાકાત થઇ. તેઓ વરસોથી એ ધર્મશાળામાં રહે છે, પવિત્ર જીવન જીવે છે, રામાયણ ભાગવતનું વાચન એ એમનો નિત્યક્રમ છે, તે બેને પૂ. શ્રીને દૂરથી જોયા. એટલે તે બેન બહાર આવ્યાં. પૂ. શ્રીએ વાતો કરી થોડી ભેટ આપી.

વળી દેવકીબાઇની ધર્મશાળામાં પૂ. શ્રી વરસો ઉપર, પહેલીવાર ઋષિકેશ ધર્મશાળાના મેનેજર તરીકે આવ્યા ત્યારે જે રૂમમાં રહ્યા હતા, તે જગા બતાવી.

માયાકુંડ ઉપર ફરતાં ફરતાં પૂ. શ્રી આત્માનંદ સ્વામીની જગ્યામાં અમને સૌને લઇ ગયા. ત્યાં કૃષ્ણચૈતન્ય નામના સ્વામી આત્માનંદના શિષ્ય રહેતા હતા. સ્વામીજીનું શરીર હમણાં જ શાંત થયું.

શ્રી કૃષ્ણચૈતન્યે ત્રીસ વરસ સુધી ગુરુ (આત્માનંદ સ્વામી)ની સેવા કરી. ગુરુને ભોજન બનાવી આપે ને પોતે અન્નક્ષેત્રનું ખાય. વળી તદ્દન નિસ્પૃહી, ભોળા ને પ્રેમાળ એવા આ શ્રી કૃષ્ણચૈતન્યને મળી અમને સહુને ખૂબ આનંદ થયો.

તેમણે તેમનો અનુભવ કહ્યો. સ્વામી આત્માનંદ પાછળ ભંડારો થયો. તે પ્રસંગે કેટલાક લોકો સ્વામી આત્માનંદજી વિષે ભિન્ન ભિન્ન વાતો કરતા સંભળાયા. ગુરુનિંદા સાંભળવી એ પણ પાપ છે, એમ એમને લાગ્યું. એમણે કહ્યું, "મને પૈસાની, સંપત્તિની પરવાહ નથી. પણ મારા ગુરુની ખોટી નિંદા તમે સહુ કરો તે મારાથી સહન નહિ થાય."

પૂ. શ્રીએ પણ ગુરુની નિંદા કરનારને કેવું સહન કરવું પડે છે તેની વાત કરી. શ્રી કૃષ્ણચૈતન્યે પણ ગુરુનિંદકને કેવાં દુઃખ



પડે છે તેના ત્રણ જીવંત દૃષ્ટાંત આપ્યાં. એમની ગુરુભક્તિ સાચે જ વંદનીય હતી.

શ્રી કૃષ્ણચૈતન્યે પોતાની અંગત વાતો, ટ્રસ્ટની, વીલની વાતો કરી. પૂ. શ્રીને તેઓ ખૂબ પૂજ્યભાવે જુએ છે, જેથી પોતાના કોઇ સ્વજનને મળતા હોય એટલા આનંદથી એમણે વાતો કરી.

વરસોથી માતાપુત્રની વિરલ આધ્યાત્મિક જોડનાં જેણે જેણે દર્શન કર્યાં હતાં તે સૌ અહીંના રહેનાર પણ માતાજીની વાત તરત જ પૂછતા હતા.

ત્યાંથી આગળ વધ્યા. ભોજન બાદ કાલીકમલીવાળા ક્ષેત્રને જોઇને, દેવકીબાઇની ધર્મશાળા પાસેથી ટેક્ષી સ્ટેન્ડ પાસે આવી ગયા. તે પછી. લક્ષ્મણઝૂલા જવા માટે નીકળ્યા. ત્યાં આવતાં આવતાં માર્ગમાં પૂ. શ્રી શાંતિભાઇને કહેતા હતા. આપણે આ બધી જગ્યા જોઇ છે. પરંતુ આજે નજીકથી જોઇશું. જુઓ ને, જીવ ભટકી ભટકીને ફરી પાછો પોતાની જગ્યાએ જ જાય છે ને એમ આપણે પણ આપણા સ્થાનમાં જઇશું."

ભોજનબાદ બજારમાં થઇ અમે નીકળ્યા. ત્યાં દેવપ્રયાગના શ્રી ચક્રધર જોષીના પુત્ર સુધાકરે પૂ. શ્રીને વરસો ઉપર ફોટામાં જોયેલા. એટલે ઓળખી કાઢીને, તે ભાઇએ પૂ. શ્રીને પ્રણામ કરી વાતો કરી.

વળી ગંગા સ્નાન બાદ પૂ. શ્રી આત્માનંદના સ્થાનમાં જવાની ખાસ ઇચ્છા ન હોવા છતાં વળી લઇ ગયા. તો ત્યાં બેઠા ને તરત જ અમારા યાત્રી મોહનલાલને પોતાના ચશ્મા નદી કિનારે રહી ગયાં તે યાદ આવ્યું. દોડીને શોધ કરી તો તુરત જ મળી ગયાં ! કૃપાનું જીવંત ઉદાહરણ પ્રભુએ તેમને પૂરું પાડયું.

આજે ગંગાસ્નાનમાં ફોટાઓ લીધા. પૂ. શ્રી સ્નાન કરે છે. શાંતિભાઈ, બાબુભાઈ સ્નાન કરે છે તે ફોટાઓ લીધા.

લક્ષ્મણઝૂલા આવી ગયા. સામે પાર એક ઉંચી જગ્યામાં સૌ યાત્રિકોએ થોડો આરામ કર્યો. પૂ. શ્રીએ માળા કરી, લેખન કર્યું. સર્વેશ્વરીએ ગઈકાલની નોંધને પૂરી કરી. ત્યારબાદ વિવિધ સ્થળોનાં દર્શનો થયાં. હોડીમાં બેસી પરમાર્થ નિકેતન, ગીતામંદિર વિગેરે જોયું. હોડીમાં ફોટો લીધો. પાંચ વાગ્યે ફરી ઉતારા ઉપર આવી ગયા.

આઠ વાગ્યે સત્સંગ શરુ થયો. પૂ. શ્રીએ નીચે મુજબ વાર્તાલાપ આપ્યો:–

રોજ રોજ નવાં સ્થળ ને નવાં દર્શન તે સૌમા દેવપ્રયાગનું દર્શન શ્રેષ્ઠ ગણાય. કુટિયાને જોઈને સરોડાના એક સ્વામિનારાયણના ભક્તને ખૂબ ભાવના થઈ ગઈ! હું ને માતાજી ત્યારે ત્યાં હતાં: ગામમાં જઈને વાત કરી. મહાત્મા તો દેવપુરુષ છે, વગેરે. એ ભાઈએ ખૂબ લાગણી બતાવી અમને જમીન બાબતમાં મદદ કરી. છોકરાઓને પણ ભલામણ કરી કે એમનું કામ કરજો. એમનો છોકરો બીડી બહુ પીએ. મારી પાસે હું સરોડા હતો ત્યારે લઈ આવ્યા. છોકરાને બીડીની ટેવ છોડાવો એવી વિનંતી કરી, મેં કહ્યું, "અત્યારે જ છોડો. ખીસ્સામાંથી ફેંકી દો તો જ હમણાં છૂટશે. છોકરાને શ્રદ્ધા વધારે–બીડી છોડી ફેંકી દીધી."

તે રણછોડભાઈ ઠક્કરની પત્નીનું મરણ થયું. એ પણ જાણવા જેવું છે. જે વધારે વિષયી તે પુરુષ કામને વશ થઈ ક્રોધીત પણ બહુ થાય. મારા કરતાં તમને વધારે અનુભવ છે. પત્નીનું મરણ થયું; સારું થયું એમ માને. મારી પાસે આવ્યો. મેં



કહ્યું, "સારું થયું! ખાનેવાલા પસ્તાયેગા, ન ખાનેવાલાભી પસ્તાયેગા. ફરી લગ્ન કરવું પડશે. મેં કહ્યું, "દુ:ખી થશો, બીજું લગ્ન ન કરશો. તો પણ શેઠની શિખામણ ઝાંપા સુધી, હું હિમાલય ગયો અને તેમણે બીજીવાર લગ્ન કર્યાં. મારપીટ શરુ થઈ. ત્રાસી ગયો. ફરી હું સરોડા ગયો. મને ફરિયાદ કરે.

છોકરાના દાદા ખૂબ ભાવિક. ગામમાં મંદિર બંધાવ્યું. કુટિયા જોઈને એમની શ્રદ્ધા વધેલી. એ કુટિયાનાં દર્શન તમે સૌએ કર્યાં. વૈદરાજને જોયા. ઋષિકેશ આવ્યા. દેવકીબાઈની ધર્મશાળા, ભરતમંદિર વગેરે જોયું.

પરમાત્મ દેવીને જોયાં. ભારતીબાબાનાં પુત્રી છે. ભારતીબાબા વરસોથી અહીં રહ્યા. પિતા પાસે અપંગ છોકરી રહેવા આવી. રહેવા લાગી. પિતાનું મરણ થયું. અમે ત્યારે ભરતમંદિરમાં રહેતાં. અમારી પાસે આવીને બેસે. પોતે ખૂબ નિયમો પાળે. બપોરે એક વખત જમે. રામાયણ મહાભારતનું પારાયણ ચાલ્યાં જ કરે. પવિત્ર જીવન જીવે.

ત્રિવેણીમાં સ્નાન કર્યું. મોહન ભોજનાલયમાં જમ્યા. મૂળા સાથે જમ્યા. મૂળા વાયુ, નાશક ને રેચક.

નાવમાં બેસી ગંગા પાર થયા. ચાલો હવે આગળની વાત આગળ ઉપર. ચાલો, શું લખ્યું? કલ્યાણ ડાયરી વાંચો.

એમ કહી પૂ. શ્રીએ શ્રી કલોલાને નોંધ વાંચવાની આજ્ઞા કરી. લાઈટ ઝાંખી હતી. જેથી વાંચન થઈ શક્યું નહીં. શ્રી શાંતિભાઈ પાસે સંસ્કૃતમાં રામકૃષ્ણદેવની સ્તુતિ બોલાવી. ભૂલો સુધારી. કહ્યું યાત્રામાં દરરોજ બોલજો. કેટલી બધી કાળજી

સંસ્કૃતભાષાની અને શાંતિભાઈની! સત્સંગ પૂર્ણ થયો. પૂ. શ્રી રમુજવૃત્તિથી સૌ યાત્રિકોને આનંદ મંગલ કરાવતા હતા. ખૂબ ખૂબ હસાહસ થઈ. ઘણીવાર હસાહસ આ યાત્રામાં થાય છે. પ્રસન્નતા રહે છે. વળી અમારા બાબુરામનું હિન્દી પણ ખૂબ ખૂબ પ્રસન્નતા પીરસે છે.

સૌ હસતાં હસતાં વિદાય થયા. તે પહેલાં મસૂરી જવાનું નક્કી થયું. ઠંડીનું, કપડાંનું, ભારપૂર્વક સૂચન કર્યું.

( ક્રમશઃ )

## સુવાક્યો

* દીવાથી જેમ દીવો પ્રગટે છે તેમ મહાપુરુષોના મુખથી ભગવત્કથા સાંભળવાથી જ્ઞાન પ્રકટે છે.

* શ્રવણ ભક્તિ કે આત્મચિંતન વિના અંતઃકરણની શુદ્ધિ અને આત્મશાંતિ થઈ શકતી નથી.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# માની મમતા

હરિભાઈ ભોજાણી

શાસ્ત્રોક્ત વચન છે કે 'સંતોના સહજ રીતે બોલાયેલ શબ્દો પણ સત્ય બનીને જ રહે છે. પૂ. મા સર્વેશ્વરીજીના સંબંધમાં પણ આપણે સહુ વાચકોએ 'અધ્યાત્મ'ના આ જ પાનાઓ ઉપર અનેક વખત વાંચેલું છે. એટલું જ નહિ પણ ઘણા ભક્તો આવો જ અનુભવ પોતાના પૂ. મા સાથેના સંસર્ગમાં અનેક વખત કરી ચૂક્યા હશે. પૂ. મા જે કાંઈ બોલે છે તે 'સત્ય' ઠરે છે અને તે અક્ષરશઃ સાચી ઘટના બનીને જ રહે છે. આ જ વાતની પ્રતીતિ કરાવતો પ્રસંગ બની ગયો.

મારાં ધર્મપત્ની મંજુલાબેન તેમ જ મોરબીના અન્ય ભાઈ-બહેનો પૂ. માના સત્સંગનો લાભ લેવા માટે તા. ૪-૪-૯૧ ના રોજ હરદ્વાર ગયેલાં. તા. ૧૯-૪-૯૧ ના રોજ વિદાય વખતે સહુ ભાઈબહેનો સવારના વંદન કરવા માટે પૂ. મા પાસે ગયેલાં. છેવટે નીકળતી વખતે ૧૧ વાગે પૂ. માએ મારા ધર્મપત્નીને બોલાવ્યાં. તે વખતે તેણીએ પૂ. માને પૂછ્યું, "હે મા, રાજકોટ ક્યારે પધારો છો કે જેથી અમે સહુ દર્શન કરવા રાજકોટ (મોરબીથી રાજકોટ એક જ કલાકનું અંતર છે) આવી શકીએ. પૂ. માએ જાન્યુઆરીના મોરબી નિવાસ દરમિયાન રાજકોટના ભક્તોને કહેલ કે "વિદેશ જતાં પહેલાં જરૂર એકાદ દિવસ રાજકોટ આવી જઈશ." તેના અનુસંધાને મારાં ધર્મપત્નીએ રાજકોટનો સમય પૂછ્યો. તો પૂ. માએ કહ્યું, "રાજકોટ પછી, પણ

પ્રથમ મોરબી આવીશ અને ફક્ત એકાદ દિવસ માટે જ આવીશ, પણ સાથે તાકીદ કરી કે આ વાત કોઇને પણ કહેશો નહિ" આથી હરદ્વારના સમાચાર આપતી વખતે પૂ. માના મોરબીના આગમનના શુભ સમાચાર મેં જાણ્યા પણ સાથે કોઇને પણ જાણ ન કરવાની હોઇને મને મુંઝવણ થવા લાગી. કારણ પૂ. માના સ્વાગત વખતે દર વખતે ઘણા ભક્તો હાજર હોય છે હવે જો ખબર જ ન આપીએ તો કોણ આવે? ખેર. અમે તો પૂ. માની રાહ જોવા લાગ્યાં.

હવે પૂ. માના આગમન સાથે જ સંકળાયેલ એક દુઃખદ ઘટનાનો ટૂંકો ઉલ્લેખ કરી દઉં. મોરબી ધ્યાનકેન્દ્રના ખૂબ જ શ્રદ્ધાભક્તિ સંપન્ન અને જૂના સાધક એવા શ્રી સુખલાલભાઇ પુજારાના એકના એક યુવાન પુત્રનું તા. ૨–૫–૯૧ ના રોજ ટ્રક અકસ્માતમાં અતિ કરુણ અને કમકમાટીભર્યું અવસાન થયેલ હતું. શ્રી સુખલાલભાઇની વૃદ્ધાવસ્થાની એકમાત્ર લાકડી આ રીતે કુદરતે ઝૂંટવી લીધી. જેથી શ્રી સુખલાલભાઇના પરિવાર ઉપર તો જાણે કે વિજળી તૂટી પડી!

હવે આવા કરુણ પ્રસંગે પૂ. મા આ સંતપ્ત પરિવારને શીતળતા પ્રદાન કરવા, આશ્વાસન આપવા અને હિંમત આપવા ન આવે તે બને જ શી રીતે? પૂ. મા હરિદ્વારની લાંબી મુસાફરી બાદ સખત થાકેલાં અને અસ્વસ્થ હોવા છતાં બીજે જ દિવસે પાછાં ફરીથી અઢીસો કી. મીટરની સખત તાપવાળી મુસાફરી કરીને મોરબી પધાર્યાં અને એ પરિવારને સાંત્વન આપ્યું.

તા. છઠ્ઠીએ હું ગેસ્ટહાઉસ રોડ ઉપર જતો હતો ત્યાં ઓચિંતા જ મારા નામની બૂમ સાંભળી. જોઉં છું તો પૂ. મા હું



આશ્ચર્યચકિત થઇ ગયો! કશા જ ખબર વિના ઓચિંતાજ પૂ. મા પધાર્યાં. સીધા જ શ્રી સુખલાલભાઇને ઘેર ગયાં અને તેમને તથા તેમના પુત્રવધુ નીલમબેનને તથા બાળકોને ખૂબ જ પ્રેમપૂર્વક આશ્વાસન આપ્યું, ખૂબ હિંમત આપી એટલું જ નહિ પરંતુ ફરીથી રાત્રે ૮ થી ૯ સુધી સુખલાલભાઇને ઘેર આશ્વાસનના અતિ પ્રેમાળ, હૂંફ ભર્યા અને જેની ખૂબ જરૂરત હોય તેવા શબ્દો કહ્યા, ખરે જ એ પ્રવચન મનનીય હતું. પૂ. માએ જે કહ્યું તેનો સારભાગ કંઇક આવો હતો:–

"જીવનમાં જે ઘટના બની ગઇ, તેનું દુઃખ જરૂર થાય, પરંતુ મનને સમજાવવું રહ્યું. મૃત્યુ પછી કેવળ શોક કરવાથી કે દુઃખી થવાથી કંઇ પ્રાપ્ત થતું નથી. સાચી વાત તો એ છે કે જે પ્રસંગ બની ગયો તેની વાસ્તવિકતા સ્વીકારી લો. જે ફરજ અને કામો કરવાનાં છે તેમાં લાગી જાઓ. પ્રભુનું સ્મરણ કરો અને મરનાર જીવને સર્વપ્રકારે શાન્તિ થાય તેવાં સત્કર્મો સંકલ્પ કરીને કરતા રહો. એનાથી મરનાર જીવને અને તમનેય શાન્તિ મળશે." તેનાથી જ તે સંતપ્ત પરિવારને ખૂબ જ હિંમત અને આશ્વાસન મળ્યાં.

પૂ. મા તેમના કહેવા મુજબ બીજે દિવસે રાજકોટ જવા વિદાય થયાં. આમ સહજ ભાવે બોલાયેલ શબ્દો આ રીતે સાચા ઠરશે, વળી ત્યારે કલ્પના ક્યાંથી હોય કે આવા દુઃખદ પ્રસંગે પૂ. મા મોરબી આવશે? પૂ. મા બોલ્યા મુજબ ઓચિંતા જ મોરબી પધાર્યાં. પૂ. માની મમતા જ તેમને પોતાનો થાક ભૂલાવીને છેક મોરબી સુધી ખેંચી લાવી.

હરદ્વારમાં

# અનોખો સત્સંગ (૨)

સર્વેશ્વરી પદરેણુ

હરદ્વારના સત્સંગમાં પૂ. માની ખૂબ નજીક આવવાનું સદ્‌ભાગ્ય મળ્યું એવો બીજો યુવાન ડૉ. હરેન્દ્ર સુરતિયા. હોમિયોપેથી દાક્તર. ત્રીસ બત્રીસ વર્ષની ઉમ્મર. લગ્નની ઉપાધિમાં ન પડવાના વિચારોવાળો. આધ્યાત્મિક ભાવના સારી. પૂ. શ્રી અને પૂ. મામાં ઘણી ઉંડી શ્રદ્ધા ધરાવનારો પ્રેમાળ, પરગરજુ ને સેવાભાવી.

તેણે એક દિવસ પોતાની વાત કરતાં કહ્યું, "પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી મને ઘણું દુઃખ થયું, મનમાં થયું હવે જીવનમાં કોઇ માર્ગદર્શક ન રહ્યું. પરંતુ પૂ. ગુરુદેવ સાથે સંબંધ હતો એટલે જ પૂ. મા મળ્યાં, ને જીવનમાં જે ખાલીપાનો અનુભવ શરૂમાં થતો, તે સમય જતાં પૂ. માના સત્સંગ ને પરિચયથી પૂરાઇ ગયો."

"આ સુરતિયાભાઇની શ્રદ્ધા પણ ગજબની. હોમિયોપેથીની પરીક્ષાના છેલ્લા વર્ષમાં એક પેપર ખરાબ ગયેલું. એટલે થયેલું કે તે વર્ષે પાસ નહિ થવાય. પરંતુ પરીક્ષાનું પરિણામ આવવાનું તેના બે દિવસ પહેલાં મનમાં નક્કી કર્યું કે જો પાસ થઇ જઇશ, તો હે મા પ્રભુ, ત્રણ નિર્જળા ઉપવાસ કરીશ."

પછી વિચાર થયો, પરિણામ આવે પછી જ શા માટે? પહેલાં જ ત્રણ નિર્જળા કરી નાંખું. એટલે મારી જવાબદારી પૂરી. પછી પ્રભુને જે કરવું હશે તે કરશે.



અને એણે ઉપવાસ શરુ કર્યાં. વિચાર તો કરો સતત ત્રણ દિવસ ખાવાનું તો નહિ, પરંતુ પાણી પણ નહિ! પરંતુ જેનામાં શ્રદ્ધા છે તે સહેલાઇથી કષ્ટ ઉઠાવે છે. એને પોતાનામાં ને પોતાના ઇષ્ટમાં શ્રદ્ધા હોય છે. એટલે શારીરિક યાતના પણ સહેલાઇથી સહી લેવાય.

નિર્જળા ઉપવાસના બે દિવસ પૂરા થયા. ને ત્રીજા દિવસે સવારમાં જ સમાચાર એક સાથી વિદ્યાર્થીએ આપ્યા, "સુરતિયા, તુ દાક્તર થઇ ગયો! એ સાંભળી મને ખૂબ આનંદ થયો. પહેલાં ઘડીભર હું માની ન શક્યો. મજાક તો નથી કરતોને! પરંતુ એ મિત્રે જે ગંભીરતાથી કહ્યું તે પરથી લાગ્યું કે વાત ખોટી નહિ હોય. છતાં મેં જાતે જઇ ખાત્રી કરી લીધી હવે મને વિશ્વાસ બેસી ગયો કે જેમ મેં પ્રભુ પર વિશ્વાસ રાખી, નિર્જળા શરુ કરી દીધા, તો એમણે પણ મારો વિશ્વાસ જળવાઇ રહે એવું જ કર્યું."

આ સુરતિયાભાઇએ એપ્રિલ ૯૧ માં હરદ્વારમાં વળી પાછા ત્રણ નિર્જળા એક સાથે કર્યાં! કેવું સરસ મનોબળ!

દશરથાચલ પર્વત ઉપર જનાર અગિયાર ભાગ્યશાળી યુવાનોમાં સુરતિયા ખરાજ.

પૂ. માને એક દિવસ પ્રશ્નોત્તરી દરમ્યાન એમણે પૂછ્યું, "મા, મનને નિર્વિકલ્પ શી રીતે કરાય?" પૂ. માએ પ્રત્યુત્તરમાં જણાવ્યું, "એવા અઘરા માર્ગે શું કરવા જવું છે?" ભગવાનનું નામ લો પ્રેમ અને શ્રદ્ધાથી. એ સીધો માર્ગ છોડી આ નિર્વિકલ્પના માર્ગે જેને જવું હોય તે ભલે જતા, આપણને એની જરૂર નહિ. પ્રેમપૂર્વક ભગવાનનું નામ લેવામાં મન એકાકાર થઇ જાય—એમાં અને નિર્વિકલ્પમાં શો ફરક પડે! બન્નેથી એક જ

ધ્યેય હાંસલ થાય. માટે એવી અઘરી માથાકૂટ મૂક."

પરંતુ આ પ્રશ્ન પછી પૂ. માએ શ્રી સુરતિયાભાઈને પ્રેમપૂર્વક ઉપનામ આપી દીધું, "નિર્વિકલ્પ." પછી જ્યારે જ્યારે એને બોલાવે ત્યારે "નિર્વિકલ્પ" કહીને જ બોલાવે.

આ સુરતિયાભાઈએ દાક્તરની હેસિયતથી હરદ્વારમાં આવેલ સાધકભાઈબહેનોમાં જે કોઈ બિમાર પડતાં, તેમની પ્રેમપૂર્વક સેવા કરી.

* * *

સુરતના શ્રી કંચનભાઈ પટેલ–સ્ટીમર ઉપર નોકરી કરે. તેમનાં નાનાં બાળકો શ્રી યોગેશ્વર બાવની, પૂ. માનાં ભજનો વગેરે સરસ રીતે બોલે. પૂ. માને તે ખૂબ ગમે. રોજ પૂ. મા યોગેનને પૂછે 'તારે બોલવું છે?' અને તે બાળક હા કહે તો તેને બોલવાનું કહે.

એની બેન પ્રીતિ તો ઘણું સરસ બોલી. આપણે કલ્પી પણ ન શકીએ એવી અદાથી એ દસ વર્ષની છોકરી એક પ્રૌઢ વક્તાની જેમ પ્રારંભ કરીને એકધારું બોલી. આ છોકરીની પૂ. ગુરુદેવ અને પૂ. મામાંની શ્રદ્ધા ગજબની લાગી. પૂ. માએ શ્રી કંચન-ભાઈની પત્નીને બાળકોને શરુથી જ સરસ સંસ્કાર આપવા બદલ અભિનંદન–ઘણીવાર આપ્યા.

હરદ્વારમાં બીજા જે યુવાનો પૂ. માના સત્સંગમાં આવ્યા, તેઓમાં શ્રી રાજુ ભાવસાર, આશીષ, આનંદ, દીપેશ, ચિંતન, મનીષ, જીજ્ઞેશ અને એનો મિત્ર (સ્વામિનારાયણ) વગેરેનો સમાવેશ થતો હતો. લાંબા પ્રવાસોનું કષ્ટ વેઠીને, પૈસા ખર્ચીને–જો કંઈ ન મળતું હોય તો કોણ આવે! પૂ. માના સાન્નિધ્યમાં જે



અખંડ આનંદ, ચિત્તની હળવાશ તથા પ્રસન્નતાનું સુખ અનુ-ભવાય તે બીજે ક્યાં મળે!

હરદ્વારમાં આખો દિવસ પૂ. માનું અનેક કલાક સાન્નિધ્ય મળતું. તો કદીક પૂ. મા યુવાન સાધક ભાઈબહેનોને ખાસ સમય કાઢી પાસે બેસાડી માર્ગદર્શન આપતાં. પ્રશ્નોત્તરી ચાલતી અને કદીક મા પ્રસાદ પણ ખવડાવતાં.

હરદ્વારમાં સાધકોએ એવું અનુભવ્યું કે પૂ. મા સહુ સાધકોને પરોક્ષ રીતે કહી રહ્યાં છે કે અમારો જેટલો લાભ લેવો હોય એટલો લો. અમે તમને સર્વ પ્રકારે સહાય કરવા તૈયાર છીએ. ફક્ત તમારે અમારી પાસે આવવાનાં થોડાં ડગલાં જ ભરવાનાં છે.

## જીવનમાં હસો, હસાવો ને હળવા બનો

પૂ. મા સહુને આ સત્સંગોની બેઠકોમાં કહેતાં, "જીવનમાં હસો, હસાવો ને હળવા બનો. લોકોના જીવનમાંથી હાસ્ય જ જતું રહ્યું છે. આરોગ્ય માટેની શ્રેષ્ઠ દવા હસવું છે. બીજાઓને નિર્દોષ હાસ્ય પૂરું પાડી હસાવો તે પણ મોટી સેવા છે.

માણસનો અહંકાર એવો છે કે તે ઘણી બધી બીનજરૂરી જવાબદારીઓનો ટોપલો માથે લઈને ફરતો રહે છે. પરિણામે ઘણો માનસિક તનાવ અનુભવતો હોય છે. અમે કહીએ છીએ કે તમારા જે કોઈ ઈષ્ટદેવ કે ગુરુ હોય તેમના માથે આ જવાબદારીઓ સમર્પણભાવે સોંપીને હળવા બની જાવ. જીવનનું સારથિ પદ એમને સોંપી તો જુઓ. પછી કેવી હળવાશ તમે અનુભવશો–એનો એકવાર તો અખતરો કરી જુઓ! એની મઝા ને આનંદ ચાખી જુઓ!

અમને જીવનમાં કશાનો ભાર નથી. બધું જ પ્રભુને સોંપી દીધું છે એટલે અમને કશી જ ચિન્તા નથી. અમારું જીવન જોઇ આ કરવા જેવો પ્રયોગ છે, કરી જુઓ.

હરદ્વારના નિવાસના અંતિમ દિવસે પૂ. માએ કહ્યું, "અહીં જે જીવન જીવ્યા તેનું થોડું પણ આચરણ સંસારમાં પાછા ગયા પછી કરવાનું રાખશો તો અહીં આવેલું સાર્થક થશે. અહીં સહુને–ખાસ કરીને બેનોને કેટલી નિરાંત હતી! કોઇ ઉપાધિ નહિ, ઘરની કે રસોડાની કોઇ ચિન્તા નહિ."

આવો અવસર જીવનમાં ફેરફેર મળતો નથી, આવતો નથી એટલે એનું સ્મરણ પણ સુખદાયી ઠરે. એમાંથી પ્રેરણા મેળવી, જીવનમાં શક્ય એટલો વધુ સમય પ્રભુસ્મરણ માટે ફાળવવા–પ્રયત્ન કરજો.

### મેનેજર શ્રી રમેશભાઇને અભિનંદન

અન્તમાં પૂ. માએ આર્યનિવાસના યુવાન મેનેજર શ્રી રમેશભાઇ ઠાકરની સેવાઓને સુંદર શબ્દોમાં બીરદાવતાં કહ્યું, "એમના સહકારથી જ આપણે આટલા બધા દિવસ અહીં સત્સંગ માણી શક્યા. હર પ્રકારની સુવિધા એમણે સાધકોને પૂરી પાડી. એમના આવા સહકાર વગર આપણે આવો આનંદ ના લૂંટી શક્યા હોત. તેથી તેઓ આપણ સહુના અભિનંદનના અધિકારી છે." પૂ. માએ એમનાં પત્ની પૂનમ તેમ જ પુત્રી અમૃતાને પણ હૃદયપૂર્વક આશીષ આપ્યા.

### લાયબ્રેરીનું નવનિર્માણ

પૂ. માને કશું જ અવ્યવસ્થિત ન ગમે. આર્યનિવાસમાં નાનું સરખું પુસ્તકાલય. તેમાં જૂનાં સારાં પુસ્તકો પણ ખરાં. પૂ. મા



ખાસ કરી મૌનમાં હોય, ત્યારે આવાં પુસ્તકો વાંચે. આ પુસ્તકાલયમાં પુસ્તકો ખરાં–પણ કેટલાંયનાં પૂંઠાં નહિ, તો ઘણાંય ફાટીતૂટી હાલતમાં પૂ. માને થયું. 'આ બધાં પુસ્તકોને સાંધી, પૂંઠાં ચઢાવી ને સરસ બનાવી દીધાં હોય તો કેવું સારું? અને સાધકોએ આ પુસ્તકોને સાંધ્યાં, પૂંઠા ચઢાવ્યાં ને પૂ. માના માર્ગદર્શન નીચે તેમનું વર્ગીકરણ કરી, રજીસ્ટર પણ બનાવી આપ્યું.

આવું કાર્ય આર્યનિવાસમાં ઉતરતી કોઇ પણ વ્યક્તિ શું કામ કરે? પરંતુ એક સાચા સન્તનો ઉતારો કેવો લાભદાયી થાય, તેનું દર્શન પૂ. માના આ વ્યવહારમાં જોવા મળે. પુસ્તકાલયનું સ્વરૂપ જ બદલાઇ ગયું! શ્રી બાપજી, પંડિત, તેમ જ ઘણી બધી બહેનોએ જીવ રેડી એ કામ કર્યું.

### શ્રી મનોજના જીવનમાં પ્રવેશ

પૂ. માના હરદ્વારના નિવાસ દરમ્યાન તેમના માટે દૂધ પહોંચાડવાનું સત્કર્મ દહેરાદૂનના શ્રી લલિતાપ્રસાદજીના ભાઇ શ્રી મુનીન્દ્રજીના યુવાન પુત્ર શ્રી મનોજભાઇ કરતા. આમ તો દરરોજ તે ભાઇ દૂધ બહારથી આપીને જતા રહેતા. પરંતુ એક દિવસ સાંજે પૂ. માના ઉતારામાં આવ્યા. પૂ. માએ સહજ રીતે પૂછ્યું, "સવારે પ્રભુસ્મરણ કરો છો?"

મનોજભાઇએ નિખાલસભાવે કહ્યું, સ્નાન પછી સ્મરણ કરી લઉં છું, પરંતુ બેસીને કદી નથી કરતો. પૂ. માએ પ્રેમપૂર્વક કહ્યું, "બેસીને પણ કરો. વધુ સમય ના હોય તો પાંચદસ મિનિટ.

પછી પૂ. માએ નારાયણભાઇને બોલાવી શ્રી મનોજભાઇનો પરિચય કરાવ્યો. તેમની સાથે મનોજભાઇએ વાતો કરી. એ ઉપરથી લાગ્યું કે એના દિલમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા છે, પ્રેમ પણ

છે, પરંતુ તેની અભિવ્યક્તિ વ્યવહારમાં નથી થતી. પૂ. માના સૂચનથી તે અભિવ્યક્તિને અવકાશ મળ્યો. અને શ્રી મનોજ-ભાઈએ દરરોજ પ્રાર્થનાનો નિયમ આરંભ્યો. આ જોઈ એનાં ધર્મપ્રેમી માતા–પિતાને ખૂબ આનંદ થયો. જે વસ્તુ તેઓ વર્ષોથી કરી શકતાં ન હતાં, તે પૂ. માના સહજ સૂચનથી થઈ ગયું જોઈ, તેમની પ્રસન્નતાનો પાર ન રહ્યો. સંતના શબ્દોમાં રહેલ સામર્થ્ય-નો અનુભવ આવા પ્રસંગે જોવા મળે.

### મસૂરીનાં બાળકોને ભેટ

પૂ. મા હરદ્વાર જાય એટલે શ્રી ગાંધીનિવાસ સોસાયટીની મહાત્મા શ્રી યોગેશ્વર સરસ્વતી શિશુમંદિરનાં બાળકોને કેમ ભૂલે? આ વર્ષે કેનેડાના યુવાન સાધક શ્રી રાજુભાઈ શાહ તરફથી દરેક વિદ્યાર્થીને સ્ટેનલેસ સ્ટીલના થાળી, પ્યાલો ને વાટકી વહેંચવામાં આવ્યાં. શ્રીમતી વિમળાબેન શાહના હાથે તેનું વિતરણ કરવામાં આવ્યું. આવી સરસ ભેટ પામીને બાળકો ને તેમના વાલીઓ પ્રસન્ન થાય એ દેખીતું જ છે. પૂ. મા એટલે સહુને કેવળ પ્રેમ આપનાર જ નહિ, પરંતુ કંઈ ને કંઈ ભેટ પણ આપતાં રહે. પૂ. માનો એ સ્વભાવ. એમના વાત્સલ્યનો પરિઘ ઘણો મોટો. એમાં આવનાર સહુ કોઈ કંઈ ને કંઈ પામીને જ જાય. માના દ્વારેથી છેવટે માળા ને ગૌમુખી તો પામે જ! મૌનમાંથી ઉઠયાં પછી પૂ. માએ સહુ સાધક ભાઈબહેનોને ગૌમુખી ને નાની માળાઓ આપી. શ્રી જયશ્રીબેન અને કીર્તિબેને ભારે પરિશ્રમ કરી તે તૈયાર કરી. પૂ. માને સાધકની માળા જમીનને અડે તે કદી ન ગમે.



# મારી વાત

**ભીખાભાઈ જી. જાગાણી**

મારા જીવનની આ એક અદ્ભુત ઘટના છે. તે શા કારણે મારા જીવનમાં ઘટી, તેનું રહસ્ય હું હજી સમજી શક્યો નથી, પરંતુ તે એક સત્ય હકીકત છે.

મારું નામ શ્રી ભીખાભાઈ જીવાભાઈ જાગાણી છે. અમરેલી જિલ્લાના લાઠી પાસે મારું નાનું સરખું ગામ છે. હું એક ખેડુતનો દીકરો છું એટલે સ્વાભાવિક રીતે જ મને ખેતીના સંસ્કાર બાળપણથી મળેલા છે.

વળી મેં ગ્રામવિકાસમાં અનુસ્નાતક કરેલું છે, બીજી રીતે કહીએ તો હું એમ. આર. એસ. માસ્ટર ઓફ રૂરલ સ્ટડીઝ થયેલો છું.

ત્રણ વર્ષ પહેલાં મને ભાવનગર યુનિવર્સીટીમાં પ્રોજેક્ટ ઓફિસરની નોકરી મળી. એટલે ભાવનગર શહેરમાં મારા રહે-ઠાણ માટે જે મકાન રબ્બર ફેક્ટરી પાસે ભાડે રાખ્યું, તેના પડોશમાં જ ડો. ઘનશ્યામભાઈ દેસાઈ (સેંટ્રલ સોલ્ટમાં સાયન્ટીસ્ટ તરીકે નોકરી કરતા) રહેતા હતા. તેમનાં પત્ની શ્રીમતી રંજન-બેનનો સ્વભાવ ઘણો મળતાવડો. માયાળુ ને પરોપકારી–એટલે થોડા જ વખતમાં અમારા કુટુમ્બો વચ્ચે ઘરોબા જેવો આત્મીય સંબંધ બંધાયો.

મને પહેલેથી જ વાંચનનો શોખ ખરો. વાંચન ઉપરાંત મને

આધ્યાત્મિકતામાં પણ રસ. એટલે એક દિવસ શ્રી રંજનબેનના ઘરે પુસ્તકો જોતાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા "પ્રકાશના પંથે"નું પુસ્તક જોયું. કુતૂહલભાવે મેં તે વાંચવા લીધું ને પુસ્તક ઉથલાવતાં મને ઘણો રસ પડ્યો.

મારે એ કહેવું જોઇએ કે આ અગાઉ મેં કદી પણ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું નામ સાંભળેલું નહિ. એટલે એમને જોયા તો ક્યાંથી હોય? આમ પ્રકાશના પંથે પુસ્તક દ્વારા એ સંત પુરુષનો મને પરિચય થયો. તેમના સ્વરૂપનો ફોટો પણ મેં પહેલીજ વાર ડૉ. દેસાઇ સાહેબના ઘરમાં જોયો. તે વખતે તેઓએ આ દુનિયા ઉપરથી ભૌતિક વિદાય લઇ લીધેલી. એટલે તેઓને હવે પ્રત્યક્ષ મળવાનો પ્રશ્ન તો મારા જીવનમાં ઊભો થતો જ ન હતો.

'પ્રકાશના પંથે' પુસ્તક મને પહેલી નજરે જ ગમી ગયેલું, એટલે ખૂબ પ્રેમ અને રસપૂર્વક એ આખું પુસ્તક ખૂબ જ ઓછા દિવસોમાં વાંચી ગયો! પરિણામે મારા મનમાં એ સાચા સંતપુરુષ માટે ઉંડી શ્રદ્ધા ને ભક્તિભાવ પ્રકટયાં.

સંતપુરુષો ભલે ભૌતિક રીતે કે સ્થૂલ સ્વરૂપે આ પૃથ્વી પરથી વિદાય થયા હોય છતાં તેઓ પોતામાં શ્રદ્ધા–ભક્તિ રાખનારને દર્શન આપતા રહે છે ને તેઓને જીવનમાં માર્ગદર્શન પણ પૂરું પાડતા રહે છે એવું મેં વાંચેલું. પરંતુ મને એનો કોઇ પ્રત્યક્ષ અનુભવ ન હતો.

મારા આશ્ચર્ય વચ્ચે 'પ્રકાશના પંથે' પુસ્તક પૂરું થયા પછી થોડાં અઠવાડિયાં પછી પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ મને સ્વપ્નદર્શન આપ્યું અને એમાં મને કહ્યું, "તમે યુવાનોમાં ઘણી



બધી પ્રવૃત્તિઓ યુનિવરસીટીની કરો છો, તો સાથે સાથે અમારું પણ થોડું કામ કરોને!"

મને આ સ્વપ્નદર્શનથી ખૂબ આનંદ થયો. મારા જીવનનો આ પ્રકારનો આ પહેલો જ અનુભવ હતો. એથી મેં શ્રી દેસાઇભાઇને પૂછ્યું કે "અહીં પૂ. મહાત્માજીની કોઇ પ્રવૃત્તિ ચાલે છે? ચાલતી હોય તો તે કામ કોણ સંભાળે છે?"

શ્રી દેસાઇભાઇએ મારો પરિચય અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇ જાની સાથે કરાવ્યો. એ રીતે હું ભાવનગરના શ્રી યોગેશ્વર પરિવારનો સભ્ય બન્યો અને પહેલી જ વાર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના તા. ૧૩ નવે. ૧૯૯૦ ના વડોદરાના જન્મોત્સવ કાર્યક્રમમાં પ્રત્યક્ષ રીતે ભાગ લીધો.

તે દિવસે મેં પહેલી જ વાર પૂ. માને જોયાં. શ્રી નારાયણભાઇએ પૂ. મા સાથે મારો પરિચય સમારંભના અન્તે કરાવ્યો તો તેઓએ કહ્યું, "એમને લઇને શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં મારા ઉતારા ઉપર આવો. ત્યાં વાત કરીશું."

પરંતુ પૂ. માની આ સૂચનાથી હું મુંઝવણમાં મૂકાયો, કારણકે ભાવનગર પાછા જવા માટે હું મારું રાતના નવની બસનું રીઝર્વેશન લઇને આવેલો અને તે વખતે સવા આઠ તો થઇ ગયેલા! મારી સાથેના ભાવનગરના બીજા ભાઇબહેનોનાં રીઝર્વેશન પણ એ જ બસમાં હતાં. તેઓ સર્વે કાર્યક્રમ પતતાં બસસ્ટેશને ગયાં ને હું શ્રી નારાયણભાઇ સાથે શ્રી જીતુભાઇના ઘરે ગયો. પરંતુ મારી નજર સતત ઘડિયાળ તરફ રહ્યાં કરતી; કારણ કે જો હું તે બસમાં ન જાઉં તો બીજા દિવસે મારી નોકરી પર સમયસર હાજર ન થઇ શકું, એની મને ચિન્તા હતી.

શ્રી જીતુભાઇને ત્યાં પૂ. માના દર્શન અને મુલાકાત માટે ઘણાં બધાં ભાઇબહેનો રાહ જોતાં બેઠાં હતાં. એ જોઇ મને થયું ! "આમાં અમારો વારો ક્યારે આવશે ?"

પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે પૂ. માએ અમને સાડાઆઠ ને પાંચ મિનિટે બોલાવ્યા. પ્રથમ મુલાકાતે જ હું તેઓથી સારો એવો અભિભૂત થઇ ગયો ! કેટલી બધી સરળતા ને સહજતાથી પૂ. માએ મારી સાથે વાતો કરી ! એક ઉચ્ચકોટિની સંત વ્યક્તિ આટલી બધી વાત્સલ્યમય ને સરલ હોઇ શકે એનો મને પહેલી-વાર જ અનુભવ થયો.

હું જે પ્રવૃત્તિઓ યુનિવર્સીટીમાં કરતો તેની મેં વાતો કરી. પૂ. માએ કહ્યું, "મારે તમારા જેવા કામ કરનારની જરૂર છે, કેવળ કાગળ ઉપર યોજનાઓ બનાવનાર કે તેની ચર્ચાઓ કરનારની નહિ. મને કોઇપણ કામ ઝટ કરવામાં રસ છે. વિલંબ ગમે જ નહિ, બોલો, તમે કહી તે યોજનાઓ માટે હું અત્યારે કેટલા પૈસા આપું ?

પ્રથમ મુલાકાતે જ પૂ. મા શ્રી સર્વેશ્વરીએ મારામાં મૂકેલો વિશ્વાસ જોઇ, મને સાનંદ આશ્ચર્ય થયું. મેં નમ્રતાપૂર્વક કહ્યું, "હે મા, હાલ પૈસાની જરૂર નથી. આપ ભાવનગર પધારો ત્યારે આપણે વિગતે વાત કરી, કામો શરૂ કરીશું."

લગભગ દર–બાર મિનિટ ચાલેલી આ મુલાકાત મારા જીવનની એક યાદગાર ઘટના બની ગઇ !

શ્રી જીતુભાઇના બંગલામાંથી પૂ. માને પ્રણામ કરીને શ્રી જાની સાહેબ સાથે અમે બહાર નીકળ્યા ત્યારે હજી નવમાં પાંચ મિનિટની વાર હતી. મને મારી બસ મળે તેવી કોઇ શક્યતા ન



હતી, કારણ કે તે દિવસે વડોદરામાં કેટલાક વિસ્તારોમાં તોફાન હતાં ને કરફ્યું પણ હતો. એથી રસ્તા ઉપર કોઇ રીક્ષા પણ જોવા મળતી ન હતી. શું કરવું તેની મૂંઝવણ અનુભવતો હું ગલીના નાકા સુધી આવ્યો.

વડોદરાના આ વિસ્તારમાં હું પહેલી જ વાર આવેલો એટલે અહીંથી બસ સ્ટેશન ઉપર જલ્દીથી પહોંચાય તેવો કોઇ રસ્તો હોય તો પૂછી જોઉં–એમ વિચારી હું આસપાસ જોવા લાગ્યો. ત્યાં મારી નજર દૂરથી આવતા એક સાયકલ સવાર ઉપર પડી. મેં હાથ ઉંચો કર્યો એટલે તે ભાઇએ સાયકલ ઊભી રાખી. મેં તેમને જણાવ્યું " મારે બસ સ્ટેન્ડે જવું છે. મને મહેરબાની કરી હું જલ્દીથી પહોંચી શકું એવો ટૂંકો રસ્તો બતાવો."

તે ભાઇએ કહ્યું, "ટૂંકો રસ્તો છે, પરંતુ તે ગાડીના પાટાઓ ઓળંગી જવાનો છે. અંધારામાં તમારા જેવા અજાણ્યા માણસનું તે રસ્તે જવાનું કામ નહિ. પણ તમારે બસ સ્ટેન્ડે જવું છે ને? ચાલો, હું પહોંચાડી દઉં. મારી સીટ પાછળ બેસી જાઓ." એમ કહી તે ભાઇએ પોતાનો દંડો જે પાછળની સીટ સુધી ભરાવેલો તેને ખેંચી લઇ મને બેસવાની જગા કરી આપી, સાયકલ પૂર ઝડપે બસ સ્ટેશન તરફ મારી મૂકી.

રસ્તામાં જતાં જતાં વાતચીત ઉપરથી સમજાયું કે તે ભાઇ પોલીસના માણસ હતા. સાદાં કપડાંમાં તેઓ પોતાની ફરજ ઉપરથી ઘરે જઇ રહ્યા હતા. તેઓએ મને છેક બસ સ્ટેન્ડમાં ઉતાર્યો. મેં તેઓનો આભાર માન્યો.

પરંતુ બસ સ્ટેન્ડ ઉપર પહોંચ્યો તો ભાવનગરની બસ હજી ઉપડી ન હતી. તે ઉપડવાની તૈયારીમાં હતી. મેં જેવો પ્રવેશ કર્યો

કે કંડક્ટરે ઘંટડી મારી ને મારી બસ ઉપડી. મારા ભાવનગરના સાથી ભાઈબહેનો મને સમયસર આવી ગયેલો જોઈ રાજી થઈ ગયાં! મેં મનોમન પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીનો આભાર માન્યો ને તેઓએ પોલીસના સ્વરૂપે મને જે સમયસરની સહાય પહોંચાડી તેના સ્મરણમાત્રથી મારી આંખ ઉભરાઈ આવી?

અને છેલ્લે–મારા જીવનની તાજી બનેલી ઘટના આ પ્રમાણે બની.

ભાવનગરમાં આવ્યા પછી મેં મારું સ્વતંત્ર ઘર બનાવવા વિચાર્યું. છેવટે એક મિત્ર મારફત બંધાતા ટેનામેન્ટ માટે મેં પૈસા ભર્યાં. જો કે મારી પાસે તે માટેના પૂરેપૂરા પૈસા તો હતા નહિ, એટલે મેં યુનિવર્સીટી મારફત હાઉસીંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશનને અરજી કરી–એક લાખ રૂપિયાની લોન માટે.

મને મનમાં ખાત્રી હતી કે યુનિવર્સીટીની સેનેટ સભા મારી અરજીની ભલામણ નહિ કરે, કારણકે મારી નોકરી કોન્ટ્રેક્ટ પોસ્ટ જેવી–એટલે તે હંગામી (Temporary) જેવી ગણાય. સેનેટના નિયમ મુજબ આવા કર્મચારી માટેની લોનની ભલામણ ન થાય. છતાં બીજો કોઈ વિકલ્પ પૈસા મેળવવાનો ન હોવાથી, મેં પ્રયત્ન કરવા ખાતર કરેલો. તેનું ગમે તે પરિણામ આવે તે માટે મારી માનસિક તૈયારી હતી. જો કે પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીને મને સહાય કરવા મનોમન પ્રાર્થના કર્યા કરતો.

તે પછી થોડા દિવસો પછી સેનેટની બેઠક મળી. તેમાં મારી અરજીને એક અપવાદરૂપ ગણીને સેનેટના સભ્યોએ હાઉસીંગ બોર્ડને લોન આપવા ભલામણ કરી. મેં જ્યારે આ જાણ્યું ત્યારે



મને ભારે આશ્ચર્ય સાથે આનંદ થયો. મનમાં થયું કે ગુરુદેવ પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી ખરી.

આ વાતની પ્રતીતિ તો મને ત્યારે થઈ કે આજથી ચારેક માસ પહેલાં પૂ. યોગેશ્વરજીએ મને સ્વપ્નદર્શનમાં સ્પષ્ટ જણાવેલું કે અમે તમને રૂા. ૯૮૦૦૦ અઠ્ઠાણું હજાર સુધીની મદદ કરાવી શકીએ એમ છીએ.

આ શબ્દો સાંભળી મને એ વાતની ખાત્રી થઈ ગઈ કે મારી લોન માટેની અરજી બોર્ડને મોકલાવવા માટે સેનેટના સભ્યોને પ્રેરણા કરવાનું કાર્ય પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ કર્યું છે. પરંતુ મને એ વાતની ઘેડ ન બેસે કે રૂા. લાખ નહિ, પણ રૂા. અઠ્ઠાણુ હજાર જ શા માટે? મેં બીજા દિવસે મારાં પત્નીને આની વાત કરી. તેઓને પણ આ અઠ્ઠાણુ હજારની વાત ન સમજાઈ.

પરંતુ પૂ. મા ફેબ્રુઆરી ૯૧ માં ભાવનગર પધાર્યાં ત્યારે મારી લોન માટેનો ચેક મારા ખાતામાં જમા થયો, ત્યારે હું કોન્ટ્રેક્ટરને રૂા. અઠ્ઠાણુ હજાર જ આપી શક્યો. મારી રૂા. લાખની લોન તો મંજૂર થયેલી, પરંતુ યુનિવર્સીટીએ વહીવટ ખર્ચ વગેરે પેટે થોડી રકમ કાપી લીધેલી. આવી પદ્ધતિ હશે તેની મને જાણ ન હતી. એટલે પૂ. શ્રી યોગેશ્વરજીએ ચાર માસ પૂર્વે અમને સ્વપ્નદર્શનમાં જે સૂચના આપેલી તે કેટલી બધી અક્ષરસઃ સાચી હતી!

પ્રભુની કોઈ કૃપાથી જ કે પૂર્વજીવનના કોઈ સંસ્કારોને લીધે–પ. પૂ. મહાત્માજીએ તેઓની ભૌતિક વિદાય પછી પણ મારા જીવનમાં પ્રવેશ કર્યો ને મને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માંડયા છે. આને હું મારા જીવનની શકવર્તી ઘટના લેખું છું,

એટલું જ નહિ પણ મને હવે એક વાતની નિરાંત લાગે છે કે એક સમર્થ શક્તિ મારા જીવનનું સતત અવલોકન અને માર્ગ-દર્શન કરી રહી છે.

એનાથી મારી શ્રદ્ધા દૃઢ બનતી ચાલી છે. સંતો કે પ્રભુની શક્તિઓનો કોણ પાર પામી શકે?

O

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ.
નાથભગવાન્
IS: 10001
ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧
ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# સુધાવદની સંગે ચંદ્રવદની

જ્યોત્સ્ના ભ. ત્રિવેદી

ગંગા, ઋષિકેશ, ભરતમંદિર, દેવપ્રયાગ અને દશરથાચલ આ નામો અમે અમારા છેક બાળપણથી સાંભળતાં આવેલાં. પૂ. શ્રીના સ્વમુખેથી એ સ્થળોની આત્મીયતા એવી રીતે ઉચ્ચારાતી કે તેનું ભૌગોલિક સ્થાન શું છે, કે તે ભારતમાં ક્યાં છે કે ક્યાં આવેલાં છે, તેનું પણ જ્યારે ભાન નહોતું, ત્યારે પણ એ અમને અમારા જન્મસ્થળ કે મૂળ વતન જેવાં પોતીકાં લાગતાં. આ સ્થળો અમને વિદિત ન હતાં, પણ પૂ. શ્રીએ ત્યાં સાધના કરેલી એટલે તેનું ખૂબ મહત્ત્વ અમારે મન હતું.

એપ્રિલ ૯૧ ના શ્રી શ્રી માના હરિદ્વાર નિવાસ દરમ્યાન તેઓએ અનેકવાર દશરથાચલ જવાની ઈચ્છા પ્રગટ કરેલી. પરંતુ જે યુવાન સાધકો ત્યાં જઈ આવ્યા હતા તેઓ તેની વાસ્તવિક રીતે કઠિનતા જાણતા હતા, કારણ અનુભવની વાત હતી. ત્યાર-બાદ શ્રી શ્રી માએ પણ એ વાસ્તવિકતા સ્વીકારી ચંદ્રવદનીના પવિત્ર સ્થળે યાત્રાએ જવાનું નક્કી કર્યું.

૧ લી મે, વહેલી સવારે ૭૦ જેટલાં ભાઈબહેનો તથા શ્રી લલિતાપ્રસાદ અને મુનીન્દ્રજીના પરિવાર પણ... સહુ આ યાત્રા માટે તૈયાર થયાં. શ્રી શ્રી મા પણ સાથે જ પધારવાનાં હતાં. પણ શરીર અસ્વસ્થ જણાતાં કાર્યક્રમમાં ફેરફાર કર્યો.

ચંદ્રવદની ટીહરી નજીક અને દેવપ્રયાગથી લગભગ ૪૦ કિલોમીટર દૂરી પર આવેલું છે. સમુદ્રસપાટીથી તેની ઉંચાઈ

લગભગ ૮૦૦૦ થી ૯૦૦૦ ફૂટની છે. કુદરત મન મૂકીને ત્યાં વરસી છે.

આ સ્થળ ઉત્તરાખંડમાં શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્યે સ્થાપેલી શક્તિપીઠોમાંનું એક છે. અહીં શક્તિ યંત્ર પણ છે. ચંદ્રવદની જે પર્વત પર આવેલું છે તે પર્વત ચંદ્રકટિ પર્વતના નામે ઓળખાય છે. એને માટે પ્રાચીન કથા એવી છે કે ભગવાન શંકરનું અપમાન થવાથી જ્યારે સતીએ દેહત્યાગ કર્યો ત્યારે ભગવાન શ્રી શંકરને તે સ્થૂળ શરીરનો મોહ છૂટતો નહીં અને તે શોક મગ્ન જ રહેતા ત્યારે દેવોએ વિચાર્યું કે આનો કંઇક ઉપાય કરીએ અને કહેવાય છે કે ચતુર્ભુજ વિષ્ણુએ સુદર્શન ચક્રવડે એ દેહનો નાશ કર્યો અને એ દેહના ટુકડા ટુકડા જુદે જુદે સ્થળે પડ્યા. અહીં શરીરનો મુખનો ભાગ પડયો. તે ચંદ્રવદની નામે પ્રસિદ્ધ થયો.

ચંદ્રવદની દેવીમાં આસપાસના લોકોની ખૂબ શ્રદ્ધા છે. પહેલાં ત્યાં બલિ ચઢાવવાની કુ–પ્રથા પણ હતી. પણ ત્યાં કેરાલાના એક સંત આવ્યા અને તેમણે આ પ્રથાનું ચલણ બહુ ભારે વિરોધો વચ્ચે પણ બંધ કરાવ્યું. એમને આપણા સહુના અંતરના નમસ્કાર કે જેમણે આ સ્થળની પવિત્રતા, સ્વચ્છતા અને સાત્ત્વિકતા જાળવવા એક ક્રાંતિ કરી.

ચંદ્રવદનીની યાત્રામાં બે બસો હતી–જેના પાનખર અને વસંત બે ભાગ હતા. બંને પ્રકારના સાધકોએ પોતાની રીતે મા પ્રભુના પ્રેમનાં ગુણગાન કરી સંકીર્તન યાત્રા બનાવી અને ભાગરથી ગંગા માતાના પ્રવાહ સાથે પ્રેમગંગાના આ પ્રવાહને શ્રી શ્રી માને પહોંચાડયો.

બંને બસો પર્વતની તળેટી સુધી ચઢી. ત્યાંથી લગભગ



૨૦૦૦ ફૂટ જેટલી ઉંચાઇ બાકી રહી સ્વસ્થ માણસ પણ શિખર સામે જુએ તો એકવાર તો વિચારે જ કે આપણું કામ નહીં. પણ અધૂરાં કામ કરવાવાળાં બાળકો મા સર્વેશ્વરીનાં હોય ખરાં? સહુ-એ યા હોમ કરીને મા પ્રભુનું નામ લઇ તે આરોહણ યજ્ઞ ચાલુ કર્યો અને રામનામથી જેમ પથ્થરો તરી જાય તેમ મા પ્રભુનું નામ લઇ નાનકડી મુક્તેશ્વરી, પૂજા, કૃપા બીજી નાની બાળાઓમાંથી, માંડી અશક્ત જેવાં વિમળાબેન, સરસ્વતીબહેન, અરે હાર્ટએટેક-વાળાં હીરાબેન અને મંગુબહેન સહુએ સફળ ચઢાણ કર્યું.

ચઢાણ ખરે જ ખૂબ વસમું હતું. સરસ્વતીબહેન હિંમત હારી ગયાં. એમણે એમના કુટુંબીજનોને એમને મૂકી જવાની 'લીલી ઝંડી આપી દીધી.' એઓએ માને પ્રાર્થના કરી, "મા હવે નથી ચઢાતું" અને આંખો બંધ કરી પ્રાર્થના જ કરતા હતાં ત્યાં તેમને શ્રી શ્રી માના મુખારવિંદનું દર્શન થયું. એમને એ હસતા મુખારવિંદે હામ આપી. એટલામાં જ ત્યાં એક ઘોડાવાળા ભાઇ આવ્યા અને તેઓ શ્રી સુરેશભાઇ પરીખ અને ભરતકુમાર ત્રિવેદીની મદદથી ઘોડા પર ચઢી ઉપર જઇ શક્યાં. સામાન્ય રીતે અમારા સમાજમાં ગામડામાં છોકરીઓ જિંદગીમાં એક જ વાર ઘોડે ચઢે. લગ્નના આગલા દિવસે. તેને ફૂલેકું કહે. શ્રી ભરતકુમારે મજાક કરી "જીજી ફૂલેકે ચઢયાં." મેં વિનંતી કરી, એવું ના કહેશો, નહિ તો હમણાં ઉતરી જશે."

શ્રી હીરાબહેન પણ મંદિરની ધજા જોઇ બેસી ગયાં, પણ શ્રી બાપજીએ એમને ખૂબ ધીરજપૂર્વક ધીમે ધીમે ચઢાવ્યાં. ગાંઠણની તકલીફવાળાં શ્રી વિમળાબેન પણ ચઢયાં. આ આરોહણ ગાડીના એંજીન જેવાં પૂજા, મુક્તેશ્વરી, પ્રીતિ જેવી નાની બાળાઓ હતી, તો ગાર્ડ શ્રી બાપજી અને નિર્વિકલ્પ ડોક્ટર હતા.

ઉપર ચઢી સહુએ કુટુંબીજનો સાથે પૂજન કર્યું યથાશક્તિ ભેટ ધરી અને સહુ ખૂબ ભાવવિભોર બની સ્તુતિ કરવા લાગ્યાં, વાતાવરણ ખૂબ દિવ્ય બની ગયું. પૂજારીજી પણ પ્રસન્ન બની ગયા!

આયોજકોએ ભૂખ યજ્ઞને શમાવવાની જવાબદારી શિરે રાખેલી. ભાઇશ્રી રાજુ ભાવસાર, સંદીપ, આશિષ, દીપેશ, આનંદ, કંચનભાઇ, અજય કલોલા તથા યુવાન બ્હેનો–સહુએ આ ભોજનયજ્ઞમાં અનેક પ્રકારની જવાબદારી નિભાવી. જલેબી, પૂરી, શાક, લલિતાપ્રસાદજીને ત્યાંની લાવેલી મિઠાઇ સહુએ આરોગી, જાણે સહુ પરિવારનાં ભાઇબહેનોનું સમૂહ ભોજન. એમાં જાણે કુદરતથી પણ ન રહેવાયું.

અચાનક વાદળો ગર્જના કરતાં આવી ચઢ્યાં. પવનની લહેરોએ જોર પકડયું. સવિતાદેવ અદૃશ્ય થયા અને જાણે આર્યનિવાસમાં રહેલી મા વિચારતી ન હોય કે આ બાળકો દેવપ્રયાગમાં તો સ્નાન કરશે પણ ચંદ્રવદનીનું શું? તેમણે તેમના પ્રેમને કરા રૂપે વરસાવી દીધો! જાણે સ્વર્ગમાંથી બીજી ભાગીરથી ઉતરી આવી. જોઉં કેટલા મને શિરે ઝીલે છે! વાતાવરણ ઠંડુ થઇ ગયું. સહુએ કુદરતના સ્નેહનું સ્નાન કર્યું, પણ મા જેનું નામ! આવી કસોટી તે કેટલીવાર કરે? ૧૦–૧૫ મિનિટમાં જ સવિતા નારાયણે મહેર કરી. વર્ષા બંધ થઇ. ઉપર વાદળો અને નીચે તડકો–ખૂબ સુંદર લાગે. તે ચિત્ર તો હૃદયમાં જ કંડારી લેવું પડે. ભૌતિક સર્વ માધ્યમાં ઓછાં પડે.

રસ્તો પલળી ગયો. ઉતરાણ થોડું મુશ્કેલ થઇ ગયું. પણ કોઇ પડયું નહીં, લપસ્યું નહીં. આનંદ ઉલ્લાસ અને મા પ્રભુના



જય જયકાર સાથે સહુએ નીચે આવી. બસમાં પ્રયાણ કર્યું.

આ યાત્રા અદ્દ્ભૂત રહી. પ્રચલિત ગંગોત્રી–જન્મોત્રી બદ્રીકેદારની યાત્રા કરતાં જુદી છતાં રોમાંચક હતી.

શ્રી નારાયણભાઇ જાનીએ કેદારયાત્રાનો પ્રસંગ વર્ણવતાં કહેલું કે કેદારના ચઢાણ પછી બીજા દિવસે શ્રી શ્રી માને ખૂબ થાક લાગેલો ત્યારે પૂ. શ્રીએ કહેલું કે "આ બધી બહેનોનો થાક શ્રી શ્રી માએ લઇ લીધો છે." એવો જ રોમાંચક પ્રતિભાવ ભરતકુમાર ત્રિવેદીએ વર્ણવેલો કે મારા જીવનની સર્વ શ્રેષ્ઠ યાત્રા છે–અને કોણે કહ્યું કે મા આર્યનિવાસમાં હતાં? મા આપણી પૂંઠે હતાં આપણને ડગલે ડગલે સંભાળતાં હતાં. નહીંતર આ સહુ ચઢી શક્યાં હોત! પર્વતની ટોચે અને ગંગાની ખીણમાં ચીડનાં વક્ષોમાં, તો હિમાચછાદિત શિખરોમાં મા ક્યાંય ન હતાં. મારા અનુભવમાં તો પળે પળે પૂ. મા મારી સાથે જ હતાં."

ત્યારબાદ સહુ સાધકોએ પૂ. શ્રીના દેવપ્રયાગમાં સાધના સ્થળ શાંતાશ્રમમાં કુટિયારૂપે રહેલા યોગેશ્વરજીને ૧૨૫ સાષ્ટાંગ પ્રણામની માળા અર્પિત કરી. ભાગીરથી અને અલંક નંદાના સંગમમાં સ્નાન કર્યું. એ ભૂમિને લાખ લાખ વંદન કરી ભાવવિભોર અંજલિ આપી ત્યાંથી સહુએ વિદાય લીધી.

ચંદ્રવદની કુદરતને ખોળે વસેલું રમણીય સ્થળ માત્ર નથી. હવામાન સાથ આપે તો આજુબાજુની અપૂર્વ રમણીયતાનો ખ્યાલ પણ આપે છે. ત્યાં ઘટાદાર જંગલો નથી. જંગલી પુષ્પો સિવાય બીજાં પુષ્પો નથી. ચીડનાં વૃક્ષ સિવાય વૃક્ષો ખાસ નથી. પક્ષીઓના ત્યાં વસવાટ નથી. ગંગાનો કલકલ નિનાદ પણ નથી, પણ અત્યંત અસુવિધાજનક સમયે આપણા પ્યારા યોગેશ્વર

પ્રભુએ સાધનાનું એક સુમન ત્યાં રહીને પણ ચઢાવ્યું હતું. તેને એક અંજલિ આપવા જ સહુ સાધકોની આ યાત્રા હતી.

યાત્રા ખૂબ સુખપ્રદ રહી. કંઈ જ વિઘ્ન ન આવ્યું. પણ જ્યારે એ વિચારે હરખાતાં ત્યારે કોઈએ ભાન કરાવ્યું, "આ યાત્રા એ યાત્રા તમારી થોડી હતી! આ તો સદાય પ્રેમસુધા વરસાવનારી તે સુધાવદનીના સાન્નિધ્યની હતી." ત્યારે અમને થયું અમે સુધાવદની સંગે ચંદ્રવદનીની યાત્રા કરી. કેવી અદ્ભુત યાત્રા! સ્થૂળ પર અનુપરિસ્થિતિ છતાં સતત સહવાસની અનુભૂતિની યાત્રા!

કોઈને તેનો થાક ન હતો, બિમારી નહિ કારણ માએ સહુ સાધક ભાઈબહેનો થાક પામે તે પહેલાં જ તેમનો થાક લઈ લીધો હતો. તેઓને ૧ લી મેથી ૨ જી મેની સાંજ સુધી સતત અતિશય થાક રહ્યો. શ્રી શ્રી માની કેવી અદ્ભુત કરુણા! બાળકો પરનો કેવો પ્રેમ! આજે દિવ્યશક્તિથી જાણનાર પૂ. શ્રી ભલે ન હતા, પણ અનુભૂતિ પામનારા સાધકો જરૂર હતા. તેમણે જાણ્યું જણાવ્યું અને માના શક્તિના એક મહિમાવંતા પાસાનું ભાન કરાવ્યું. તે ભાન કરાવનાર પૂ. માને અને સાધકોને અમારા હૃદયપૂર્વક અનેક વાર વંદન. જીવનયાત્રામાં પણ હે મા અમારું ડગલે ડગલું સંભાળજે અને ક્યાંક ચૂકી જઈએ તો તેનું ભાન કરાવજે, તેવી પ્રાર્થના છે. વળી આ યાત્રાનું ભાથું બાંધી એવી જ મસ્તી જીવનમાં માણસતા રહીએ અને તને જાણતા રહીએ એવી શક્તિ અને ભક્તિ દેજે.

(નોંધઃ—હરદ્વાર યાત્રાના અનુસંધાને 'ગંગાના ઘાટમાં—સર્વેશ્વરી સાથમાં' નામનો લેખ આવતા અંકમાં મૂકીશું. — તંત્રી)



# સાખી

સંત મિલે તીરથ મિલે,
મિલે સકલ ભંડાર;
મૂરખ મન જાગે નહિ,
ધિક્ તાહિ અવતાર.
ઈતના મનમેં ઠાનકે
શોચ લે ભીતર જોય.
ક્યું આયા સંસારમેં?
ક્યા પાયા? ક્યા ખોય
રામા ક્યા પાયા? ક્યા ખોય.
આધી પલ ભી ન પાવેગા,
જો લિખા કિરતાર,
પલ—પલ ગિનકે સમ્હલજા, રામા આખિર બાર.
(મનુષ્ય જન્મ એ છેલ્લો ફેરો છે).
પલ—પલ કરત દિન ચલા,
દિન—દિન બિતત કાલ
પલ—દો—પલ બસ ઔર સહિ,
ફિર ક્યા હોગા હાલ?
રામા ફિર ક્યા હોગા હાલ?

— રામશરણજી

## કુંભકર્ણને

હે કુંભકર્ણ! વીર! ધન્ય પ્રસુપ્તિ તારી.
ઇન્દ્રાસનેથીય અધિક ખુમારી ભારી,
લંકેશ રાજસિક, સાત્ત્વિક છો વિભીષણ,
તું તામસી તમસ–લીન, છતાંય ધન્ય!
માતા લહી જનકની તનયા, અસૂર!
જાગર્તિ તારી અધિકી સૂરથી, પ્રવીર!
લિપ્સા ન રાજ્યની કશી, વર બંધુ નિષ્ઠા
ચક્રે ધરી સમ, રથે ગતિ શું અનિષ્ઠા?
લંકેશ જાગ્રતિ સૃજે વિનિપાત, નાશ
બંધાય કો પશુ સમાન શું મોહ–પાશ!
સુષુપ્તિ–જાગ્રતિ ઉભે વરદાન ત્હારેઃ
સંગ્રામમાં રઘુપતિ થકી મુક્તિ દ્વારે.
નિદ્રા ન જાગ્રતિ ત્રિ–શંકુ–સ્થિતિ અમારી
હે કુંભકર્ણ! અસૂયા થઇ જાય તારી.

'અનામી'



## વાત્સલ્યમૂર્તિ સર્વેશ્વરી માના પ્રથમ દર્શને

ના થયાં દર્શન કો'દી માત્ર પિછાન નામથી.
ધાર્યું'તું ધીર ગંભીર મૂર્તિ આધ્યાત્મિકી હશે
માની, ને સહુ વંદે માને પૂજ્ય ભાવથી.
પરંતુ એકદા જ્યારે અંબાજી પુણ્યતીર્થમાં
થયાં દર્શન માનાં ને ઉરને ભીંજવી ગઇ
માની વાત્સલ્યની વાણી, હૈયાના હેતભાવથી
વર્ષ્યાં ત્યારે તમે વર્ષ્યાં આષાઢી મેઘની સમાં,

પૃથ્વીના તમ હૈયાપે રેલાવી શીત ધારને.
'પૂજ્ય'થી સંબોધે સહુ, હું ના એમ કરી શકું.
'પૂજ્ય'ને ખોળલે બાળ માથું મૂકી શકે નહિં,
'પૂજ્ય'નાં ચરણો પૂજે સહુ અંતર રાખીને,
દિલ આ ખેલવા ચાહે માના સ્નેહાળ અંકમાં.
પ્રથમ દર્શને માના હૈયાના પ્રતિભાવ જે
વ્યક્ત એ શક્ય ના કિંતુ નમ્ર એક પ્રયાસ આ

મહેન્દ્ર ઇ. પંડ્યા

## કર્મસાધના

મળેલું **કર્મ** જે કંઇ હો, પ્રભુ સન્મુખ છે ધારી–
કરે ઉત્તમ રીતે–ભાવે, પૂજન–અર્ચન બને છે તે!
બધાંમાં ને બધે જ્યાં ત્યાં, પ્રભુનો અંશ નીરખીને–
'પ્રભુપ્રીત'ના ઉમળકાથી, થતું તે સર્વ **ભક્તિ** છે!

## અહંશૂન્ય નમ્રતા

નમ્રતા જ્ઞાનપૂર્વકની,–પ્રભુપંથે પગથિયું છે!
**અહં** ઓગાળવા માટે, અતિ ઉત્તમ રસાયણ છે!
અહંશૂન્ય અવસ્થામાં, પ્રભુતા શી છલકતી છે!
શિખરની ટોચ પર જઇને, ગગન ઊંચે વિચરતી છે!

## અનાસક્તભાવના

નિરાગ્રહવૃત્તિથી સર્વે, પ્રભુચરણે ધરી દઇને–
રહેવું તે રીતે–ભાવે, શીતળ શાન્તિ ખરી આ છે!
મળ્યું,–ઉપયોગમાં છો હો! પણ, માલિકીપણું ના હો–
અનાસક્ત ભાવની આવી, બલિહારી શી ન્યારી છે!

—રતિલાલ ભાવસાર



## અધ્યાત્મના લેખકો–કવિઓને પુરસ્કાર

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની તા. ૧૮–૫–૯૧ ના રોજ મળેલ બેઠકમાં અધ્યાત્મના લેખકો–કવિઓને પુરસ્કાર આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેની જરૂરી કામગીરી કરવાની સર્વસત્તા તંત્રી અધ્યાત્મને આપવામાં આવી છે.

લેખકોને આની નોંધ લેવા વિનંતી છે. —તંત્રી

## સદ્‌ભાવભરી સહાય

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી સદ્‌ભાવભરી સહાયોનો પુનિત પ્રવાહ–એક અથવા બીજી રીતે ચાલતો જ રહે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂા.
૫૫૦૦ (આસરે) શ્રી પ્રભુભાઇ એલ. પટેલ, લેસ્ટર–(પાઉન્ડ ૧૫૧).
૫૦૧ શ્રી નટવરલાલ લક્ષ્મીદાસ ભક્ત, કબીરગામ.
૧૦૧ અ. સૌ. કંચનબેન નટવરલાલ ભક્ત, કબીરગામ.
૧૫૧ શ્રી ધીરૂભાઇ રણછોડજી પટેલ, મેમ્ફીસ (અમેરીકા)– ગંભીર માંદગીમાંથી ઉગરી જતાં. હા. રમેશભાઇ ન. ભક્ત.
૧૦૧ સ્વ. લાડુબેન સુખાભાઇ ભક્તના પુણ્યાર્થે હા. રમેશભાઇ નરસિંહભાઇ ભક્ત.
૨૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત.
૨૫ શ્રી કુસુમબેન કાન્તિલાલ શુક્લ, અમદાવાદ–ભાઇ પરેશને નોકરી મળતાં.

૨૫ શ્રી પથાભાઇ એન. સોલંકી, બરવાળા–ભાઇ ધીરૂના લગ્ન પ્રસંગે.
૪૦૦ શ્રી અંબુભાઇ લાડ, કેનેડા–પુત્ર ઉમેશના પુત્ર ધ્રુવના જન્મદિન પ્રસંગે.
૪૦૦ શ્રી અંબુભાઇ લાડ, કેનેડા–સ્વર્ગસ્થ માતુશ્રીની પુણ્ય-સ્મૃતિમાં.
૫૧ શ્રી નંદલાલભાઇ ત્રિવેદી, નાગપુર–બંને આંખોના મોતિયાનું ઓપરેશન સફળ થતાં.
૨૨ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી.
૭૫૦ (આસરે) શ્રીમતી મનીષાબેન બાબુભાઇ પટેલ અને શોભનાબેન સી. પટેલ, પીટ્સબર્ગ–બે વર્ષનું લવાજમ જતાં.
૧૫૧ શ્રી એસ. કે. જાદવાણી, મોરબી.
૧૦૧ શ્રી હિમ્મતલાલ મોતીલાલ મહેતા, ગોરેગાંવ.
૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી–પૂ. માના સાન્નિધ્યમાં એક દિવસની યાત્રા થતાં.
૧૦૧ શ્રી યતીન અનિરુદ્ધ કાકા, વડોદરા–યોગ કન્સ્ટ્રક્શન કું. વતી.

આત્મભ્રમ દેહાદિમાં, ઘણા સમયનો જેહ;
મોક્ષ મળે તેને ત્યજે, એમાં નહિ સંદેહ. ૧૦૫૪
મલિન વાસના ત્યાગવી, રાખી સુદૃઢ વિરાગ;
સુસ્થિર રે'વું સ્વરૂપમાં, રાખી યત્ન અથાગ. ૧૦૫૫



# આત્મવિશ્વાસ

કમલસુથાર

આત્મવિશ્વાસથી મનુષ્ય અસંભવ કાર્યને પણ સંભવ બનાવી શકે છે. ચારે બાજુએ વિપત્તિઓનાં વાદળો ઘેરાયાં હોય તો પણ આત્મવિશ્વાસના બળથી તેને છિન્નવિચ્છિન્ન કરી શકાય છે અને જીવનમાં સુખ–શાન્તિનો પ્રકાશ ફેલાવી શકાય છે. દિવ્યાત્માનંદનો આસ્વાદ લઇ શકાય છે. સિદ્ધિનાં શિખરો સર કરી શકાય છે. લૌકિક કે પારલૌકિક કાર્યો સફળ બનાવી શકાય છે. આત્મવિશ્વાસ એ જ જીવનનું તેજ છે. બળ છે. ખમીર છે. ઉલ્લાસ છે. આનંદનો દિવ્ય ફુવારો છે.

સ્વામી રામતીર્થ. આત્મવિશ્વાસનો અજબ ખજાનો એટલે સ્વામી રામતીર્થ. માનવતાવાદી પરમસંત. બાળપણ ખૂબ ગરીબી-માં વીત્યું. પંજાબમાં મુરલીવાલા ગામમાં જન્મેલા. માતા પિતા ગરીબ. આર્થિક ગરીબી. કરકસર કરી ભણ્યા. કોલેજમાં ભણતા ત્યારે ગણિત એમનો પ્રિય વિષય હતો. બી.એ.ની પરીક્ષા આપી. પણ અંગ્રેજી વિષયમાં ઓછા ગુણ આવવાના કારણે પ્રથમવાર અનુત્તીર્ણ થયા. પણ તેમણે આત્મવિશ્વાસ ન ગુમાવ્યો. નિરાશ ન થયા. આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા તેમનામાં પહેલેથી જ હતાં. તેમણે ફરી પુરુષાર્થ શરૂ કર્યો. પ્રબળ બૌદ્ધિક પુરુષાર્થ. તે કલાકો સુધી અભ્યાસ–રત–રહેતા. સાથે આત્મચિંતન–મનન પણ ખરું જ. હાથ જોડી રોદણાં–રડી બેસી રહેવામાં તે માનતા ન હતા. જે કામ હાથમાં લેતા તેમાં મન એકાગ્ર કરતા. એક ધ્યાન. એક

લગન. એક નિષ્ઠા. પ્રબળ આત્મવિશ્વાસ.

બુદ્ધિપૂર્વકની ફરી તૈયારી. સતત અભ્યાસ. તે ફરીથી બી.એ.-ની પરીક્ષામાં બેઠા અને પૂરા આત્મવિશ્વાસથી પરીક્ષા આપી. પરિણામ. તે સમગ્ર યુનિવર્સીટીમાં બી.એ.ની પરીક્ષમાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. કેવો અડગ આત્મવિશ્વાસ સ્વામી રામતીર્થનો! પછી તો તે લાહોરની એક કોલેજમાં પ્રાધ્યાપક પણ બનેલા. પ્રખર મેધાવી રામતીર્થ.

વિદેશ ગયા ત્યારે પણ તેમણે આત્મવિશ્વાસ અને આત્મ-શ્રદ્ધા તથા આત્મીય વ્યવહારથી અનેકોનાં દિલ જીતેલાં. જાતિ–પાંતિ કે સંપ્રદાયોના સંકુચિત વાડાઓમાં પૂરાઇ રહેવું એમને ગમતું નહીં. તે આત્મસિંહ હતા. તે નિર્ભીક હતા. પરમ આત્મ નિર્ભયતાથી તે કહેતા : "ભગવાન નથી હિન્દુ કે નથી મુસલમાન કે નથી ખિસ્તી. ફૂલમાં ખિસ્તી ફૂલ કે મુસલમાન ફૂલ કે હિન્દુ ફૂલ એવા ભેદ હોતા નથી. તેમ હું પણ મનુષ્યમાં વર્ણ કે ધર્મનો ભેદ કરતો નથી. જેમાં માણસાઇ ન હોય તે કોઈ ધર્મ જ ન હોઇ શકે."

આત્મવિશ્વાસથી તે હિમાલયનાં દુર્ગમ શિખરો ઉપર ચડતા. વાદળોને આદેશ આપી રોકતા. અને રાગદ્વેષથી પર બની પરમ આત્મમસ્તીમાં ઝૂમતા. આત્મનિષ્ઠ શ્રી રામતીર્થ. આજેય આ દિવ્ય–આત્મદીપ ઝળહળે છે. અનેકોને પ્રેરણા પ્રકાશ આપે છે.

ડો. હોમીભાભા. મહાન વૈજ્ઞાનિક. મુંબઈમાં જન્મેલા. પેડર રોડ ઉપર એક બંગલામાં. માતા મહેરબેન ભાભા. સંસ્કાર સંપન્ન સુશિક્ષિત સન્નારી. સુખી–સંપન્ન પરિવારમાં હોમીભાભા ઉછળ્યા. નાનપણથી જ તે આત્મવિશ્વાસુ હતા. પ્રકૃતિ પ્રેમી હતા. ખીલેલાં



રંગબેરંગી પુષ્પો જોઇને તે પ્રસન્ન થતા. ગગનમાં ઉડતાં અને ગાતાં પક્ષીઓને જોઇ તેમનું હૈયું આનંદથી થનગની ઉઠતું. ભણવામાંય તે ખૂબ હોંશિયાર હતા. સુસંસ્કારી માતાએ તેમના બાળમાનસમાં આત્મવિશ્વાસનું અમી સીંચ્યું હતું. બુદ્ધિ સતેજ હતી. પ્રબળ પુરુષાર્થ હતો. ભણવામાં લગન, ઉત્સાહ અને ધગશ. દાદા હોમરસજીએ વસાવેલી ઘરેલૂ લાયબ્રેરી હતી. ઘણાં પુસ્તકો તેમણે વાંચી નાંખેલાં. સંગીતમાંય રસ ને ચિત્રમાંય અનુરાગ. પણ સૌથી પ્રિય વિષય હતા વિજ્ઞાન અને ગણિત.

ઘરની લાયબ્રેરી. વિજ્ઞાનનાં પુસ્તકો વાંચે. જાતે પ્રયોગ કરે. તેમનામાં અટલ અને પ્રબળ આત્મવિશ્વાસ હતો કે એક દિવસ જરૂર તે મહાન વૈજ્ઞાનિક બનશે. દેશની સેવા કરશે. નવું સંશોધન કરશે. માનવહીત માટે કલ્યાણકારી સંશોધન કરશે. પંદર વર્ષની ઉંમરમાં કેમ્બ્રીજની પરીક્ષા માન સાથે ઉત્તીર્ણ કરી. પછી કોલેજમાં દાખલ થયા. પિતાની ઇચ્છા તેમને એન્જીનિયર બનાવવાની હતી. તેમની પોતાની ઇચ્છા વૈજ્ઞાનિક બનવાની હતી. વધુ અભ્યાસ અર્થે તે ઇંગ્લેન્ડ ગયા. ત્યાં ભણતા ત્યારે પિતાએ તેમને પત્ર લખ્યો ને તેમને એન્જીનિયર બનવા સૂચન કર્યું. પણ તેમનો તો નિર્ણય હતો વૈજ્ઞાનિક બનવાનો. તે ડગ્યા નહીં. વિચલિત ન થયા. આત્મવિશ્વાસ ન છોડયો. ને પિતાને પત્ર લખી જણાવ્યું : "પિતાજી, હું બહું ગંભીર રીતે વિચાર કરીને કહું છું કે વેપારી કે એન્જીનિયર તરીકેની નોકરી તે મારે માટે અનુકૂળ નથી. મારા સ્વભાવની સાથે આવી કારકીર્દિ જરાય મેળ નહીં ખાય. પદાર્થ-વિજ્ઞાનનો અભ્યાસ એ જ મારે માટે તો એક માર્ગ છે. મને આત્મવિશ્વાસ છે કે હું તેમાં ઘાણું મહત્ત્વનું કામ કરી શકીશ.

કોઈપણ માણસ તેની ગમતી બાબતમાં—રસના વિષયમાં જ ઉત્તમ પ્રદાન કરી શકે. પદાર્થ વિજ્ઞાનમાંજ કંઈક કરવું એ મારા જીવનની એક માત્ર અભિલાષા છે.—આવો હતો તેમનો અડગ આત્મવિશ્વાસ. પ્રથમ વર્ગ મેળવી સ્નાતક થયા. પી. એચ. ડી. થયા. તેમની થિસિસ ને એડમ્સ પ્રાઈઝ મળ્યું. પણ ભૌતિકશાસ્ત્રનો રસ ઓસર્યો નહીઃ વૈશ્વિક કિરણો અંગે સંશોધન કર્યું. કેમ્બ્રીજથી ભારત આવ્યા. બેંગલોરમાં ઈન્સ્ટીટયૂટ ઓફ સાયન્સમાં ભૌતિક-શાસ્ત્રના રીડર બન્યા. પછી મુંબઈમાં "ટાટા ઈન્સ્ટીટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ."ની સ્થાપના કરી. અને અણુવિજ્ઞાનમાં સંશોધનો આદર્યાં. જંપીને બેસે તો ભાભા શાના! રાત—દિન પુરુષાર્થ. સંશોધન. સંશોધન. સંશોધન. ન નિરાશા. ન હતાશા. પ્રબળ આત્મવિશ્વાસ. ઉત્સાહ ને ધગશ. સૂઝ—બૂઝ—જાગૃત. ભારતસરકારે અણુપંચની સ્થાપના કરી ને તેના અધ્યક્ષ નિમાયા ડૉ. હોમી ભાભા. પરમાણું શક્તિનો વિભાગ બન્યો. તેના તે સચિવ બન્યા. ટોમ્બેનું અણુસંશોધન કેન્દ્ર. ડૉ. હોમીભાભા એક મહાન વૈજ્ઞાનિક બન્યા. વિદેશોમાં યશ પ્રસર્યો. ને તેમણે ભારત-દેશનું ગૌરવ વધાર્યું. અનેક સિદ્ધિઓના સ્વામી બન્યા ડૉ. હોમી-ભાભા આત્મવિશ્વાસને કારણે પ્રબળ બૌદ્ધિક પુરુષાર્થને કારણે.

સુગરીને તમે જોઈ હશે. એક નાનકડું પક્ષી છે. તેનો માળો કેટલો સુંદર અને કલાત્મક હોય છે. સાથે સુરક્ષિત પણ. દૂર દૂરથી તે એક એક તણખલું લાવી વૃક્ષની ઊંચી ડાળી ઉપર માળો ગૂંથે છે. પૂરા વિશ્વાસથી તે માળાનું નિર્માણ કરે છે. તણખલાં કેટલીયવાર ડાળી ઉપરથી નીચે સરકે છે. પણ તેનો વિશ્વાસ ડગતો નથી. શ્રદ્ધા તૂટતી નથી. પુરુષાર્થ અટકતો નથી. અને



પરિણામે એક દિવસ તે સુંદર માળાનું નિર્માણ કરી શકે છે. સુંદર સર્જન કરી શકે છે. આત્મવિશ્વાસને કારણે. એક નાનકડું પક્ષી પણ જો આત્મવિશ્વાસથી પોતાના કાર્યમાં સફળ થઈ શકતું હોય તો માણસ કેમ સફળ ન થાય! જરૂર સફળ થાય. આમ વિશ્વાસ કેળવો. જીવનને સફળ બનાવો. સુખી બનાવો. ધન્ય બનાવો.

## ત્યાગી જીવન પણ બોજારૂપ બને

ત્યાગી જીવનમાં ત્રણ બાબત ખાસ મહત્ત્વની હોય છે. પ્રથમ તો ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તી, એમના તપ—ત્યાગના આદર્શો ઝીલી, દરેક બાબતમાં એમની રુચિ શું છે, તે બરાબર સમજી—વિચારીનેઃ—

(૧) ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી,

(૨) મર્યાદા પ્રમાણે દેહથી સત્સંગ સેવા કરવી, અને

(૩) જીવનભર ધ્યાન—ભજનનો અભ્યાસ કરવો.

જે મુમુક્ષુ પુરુષો આ ત્રણ બાબતો યથાર્થ રીતે લક્ષ્યમાં રાખી, પોતાનું જીવન પ્રભુપરાયણ બનાવે છે, તે પોતાનું અને બીજા અનેકનું આત્યંતિક કલ્યાણ કરી શકે છે. જો એમ ન થઈ શકે, તો ત્યાગી જીવન પણ ઘણું બોજારૂપ નીવડે છે.

(શ્રી હરિ ચરિત્ર "ચિંતામણી")

# રામાયણ એક ચિંતન

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

**રામાયણનું આટલું બધું ગૌરવગાન શા માટે કરવામાં આવે છે?**

વેદના સમયમાં વિવિધ દેવોનાં વર્ણન કરવામાં આવતાં હતાં, એમના સાહસોનું આલેખન કરવામાં આવતું હતું અને એમની સ્તુતિ કરવામાં આવતી હતી. ઇન્દ્રાદિ દેવો રાક્ષસોનો પરાજય કરતા હતા એટલે આ દેવો પૂજ્ય ગણાતા. એ સમયમાં કોઇ મનુષ્ય દેવ બની શકે એવી કલ્પના પણ થઇ શકતી ન હતી. મનુષ્યને દેવોથી ઉતરતી કક્ષાનો માનવામાં આવતો.

વાલ્મીકિ મુનિની રામાયણ પહેલી જ વાર માનવીના ગૌરવનું સ્થાપન કરે છે. મનુષ્ય પોતાના પુરુષાર્થથી એટલો શક્તિશાળી બની શકે કે ઇન્દ્ર પણ તેની સહાય માંગે. મનુષ્ય પોતાના પરાક્રમથી દેવ બને, ઇન્દ્ર પણ બની શકે. પરમાત્મા એક મનુષ્યના દેહમાં આવી શકે એવી માન્યતા રામાયણમાં પ્રથમ વાર રજૂ થઇ. મનુષ્ય આમ પરમાત્માની કક્ષાએ પણ પહોંચી શકે અને ગમે તેવા મહાભયંકર રાક્ષસોને પણ હરાવી શકે એમ દર્શાવી વાલ્મીકિ મુનિએ મનુષ્યને દેવો તથા રાક્ષસોથી પણ ઊંચું સ્થાન આપ્યું. અને આમ કરીને, મનુષ્ય એક પામર પ્રાણી છે એવી જે લઘુતાગ્રંથી બંધાઇ હતી એમાંથી વાલ્મીકિએ માનવીને મુક્ત કર્યો છે. માનવીમાં રહેલી અગાધ શક્તિનું દર્શન વાલ્મીકિએ પ્રથમ વાર જ કર્યું અને કરાવ્યું.

આમ કરવા માટે પણ એમની પાસે વાજબી કારણ હતું.



એક ભયંકર લૂટારામાંથી પોતે એક મહાન મુનિ બન્યા હતા. એમના જીવનની વિકાસની આ પ્રક્રિયા, માનવામાં અને મનાવવામાં આવે છે એટલી સરળ તો નહીં જ હોય. એમણે લૂટારામાંથી મુનિ બનવા અગાઉ અનેક તકલીફો તથા ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હશે. આવી પારાવાર ભયંકર મુશ્કેલીઓમાંથી પસાર થઇ શકે એ જ રામ બની શકે. શ્રીરામે જીવનભર પારાવાર યાતનાઓ પણ સહન કરી છે. આવી યાતનાઓ સહન કરી શકનાર, એમાંથી માર્ગ કાઢનાર જ રામ બની શકે એ દર્શાવવા એમણે રામાયણમાં શ્રીરામની આ માનવસહજ મુશ્કેલીઓ દર્શાવી છે અને એને લીધે જ શ્રીરામ આપણને આપણાથી ખૂબ નજીક હોય એવો અનુભવ થાય છે.

શ્રીરામને કોઇ તકલીફ પડી ન હોત અને પરમાત્મા તરીકે, સર્વશક્તિશાળી પરમાત્મા તરીકે એમણે એક ચાંપ દબાવીને તમામ રાક્ષસોનો સંહાર કરી નાંખ્યો હોત તો એ રામાયણ માત્ર એક જ વાક્ય જેટલું ટૂંકું બની જાત અને એમાં કોઇને રસ પડત નહીં. શ્રીરામ જેવાં દુઃખો આપણા ઉપર આવી પડે ત્યારે આપણે પણ એમને યાદ કરી એમની માફક આવા દુઃખોનો સામનો કરી એમાંથી પાર ઉતરી શકીએ એવા સરસ આશયથી વાલ્મીકિએ રામાયણની રચના કરી છે. રામાયણની લોકપ્રિયતાનું આ જ રહસ્ય છે. આવી લોકપ્રિયતાને કારણે જ ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં રામાયણનો ફાળો સહુથી વધારે છે.

રામાયણની કથા અત્યંત લોકપ્રિય બનવાથી એને આધારે અનેકાનેક રામાયણો લખાયાં છે. એની યાદી ઘણી લાંબી છે.

શ્રીરામની કથા અત્યંત પ્રાચીન છે. આ કથાની પ્રાચીનતાને કારણે તથા લોકપ્રિયતાને કારણે બૌદ્ધ તથા જૈનધર્મમાં પણ આ

ધર્મોના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે રામાયણની કથામાં ફેરફારો પણ કરવામાં આવ્યા છે.

જ્યાં લોકપ્રિયતા હોય ત્યાં દ્વેષ કરનારાઓ પણ હોવાના જ. વિધર્મીઓ દ્વારા રામાયણની કથામાં ભયંકર તથા અરુચિકર ફેરફારો પણ કરવામાં આવેલા જોવામાં આવ્યા છે. પરંતુ આપણે તેની વિગતોમાં ઉતરીશું નહિ. દક્ષિણભારતમાં રામાયણની કથાનો દ્વેષ કરનારાઓએ જાહેરમાં સરઘસમાં રામ, લક્ષ્મણ, જાનકી તથા હનુમાનની મૂર્તિઓને આખે રસ્તે ફટકારી હતી! કોઈએ વળી સીતાને રામની બહેન ગણીને કથા લખી છે. પોતાના હકનું રાજ છોડી શ્રીરામ સીતાને જંગલમાં લઈ ગયા. સીતાનું જંગલમાં દુઃખ જોઈ ન શકવાથી રાવણ સીતાને આવા દુઃખમાંથી બચાવવા, ભાઈ તરીકે બેન પ્રત્યેની ફરજ બજાવવા લંકામાં લઈ ગયો, એવું વર્ણન પણ ક્યાંક કરવામાં આવ્યું છે. આ બધી વાતો આપણા માટે અપ્રસ્તુત છે.

આ ઉપરાંત રામાયણ સાથે કેટલીક કથાઓ પણ જોડી દેવામાં આવી છે. વળી કવિઓએ કલ્પના કરવામાં ક્યાંય મણા રાખી નથી.

વાલ્મીકિ રામાયણનો ઊંડો અભ્યાસ કરતાં જણાય છે કે તેઓ કોઈ સામાન્ય મુનિ નહીં પણ મહાન કવિ અને સાહિત્યકાર પણ હતા. સંસ્કૃતમાં કવિ કાલિદાસ ઈત્યાદિ મહાન કવિઓ નાટયકારોએ તથા કથાલેખકોએ વાલ્મીકિ રામાયણમાંથી અલંકારો વગેરે પણ પોતાની રચનાઓમાં વણી લીધા છે. કાલિદાસને નામે ચડેલી કેટલીય ઉપમાઓ કાલિદાસની નહીં પણ વાલ્મીકિની જણાઈ છે.



રામાયણની કથા એ આર્યસંસ્કૃતિના વિજયની કથા છે. સમગ્ર ભારતીય સંસ્કૃતિ આર્યસંસ્કૃતિ છે. અનાર્ય શબ્દનો સંસ્કૃતમાં પ્રચલિત અર્થ અસભ્યતા એવો થાય છે. પ્રાચીન સમયમાં કોઈ અજાણી સ્ત્રી સાથે પુરુષ વાતચીત કરવા લાગી જાય એ અસભ્ય ગણાતું. રાજા દુષ્યન્ત જંગલમાં કણ્વમુનિના આશ્રમમાં તપસ્વિનીઓને જુએ છે, પણ અજાણી એ સ્ત્રીઓ સાથે વાતચીત કેમ થાય? આથી તે વિચારે છે કે પારકાની સ્ત્રીઓ સાથે વાતચીત કરવી તેમાં અસભ્યતા છે, અનાર્યતા છે.

ભારતીય સંસ્કૃતિના આર્યસંસ્કૃતિ અને અનાર્યસંસ્કૃતિ એવા બે ભાગ પાડવાના વિદેશી કાવતરાના ભોગ આપણા સ્વદેશી વિદ્વાનો પણ થઈ પડયા છે.

આ ભારતીય સંસ્કૃતિ ઉપર રામાયણના સમય અગાઉ દક્ષિણ તરફથી રાક્ષસી સંસ્કૃતિનું આક્રમણ શરૂ થઈ ચૂક્યું હતું. રાવણે છેક હિમાલય સુધીના પ્રદેશનો જાતે પરિચય મેળવ્યો હતો અને એના જાસૂસો પણ ભારતભરમાં છૂપા વેશે ફરતા હતા અને રાવણને ભારત વિશેની માહિતી આપતા હતા. આ રાક્ષસી સંસ્કૃતિએ આગળ વધીને નાસિક સુધી પોતાનાં થાણાં સ્થાપ્યાં હતાં. રાક્ષસો ભયંકરમાં પણ ભયંકર પ્રકારના પાશવી અત્યાચારો કરતા હતા અને તેઓ માનવભક્ષી હતા. દક્ષિણભારતની આર્ય-સંસ્કૃતિમાં લોકો શાન્તિથી જીવનગુજરાન ચલાવતા હતા અને અરણ્યોમાં રહીને ઋષિમુનિઓ એમની ઉચ્ચ નૈતિકતા જાળવી રાખતા હતાં. કોઈપણ પ્રજાની મુખ્ય તાકાત એના બુદ્ધિમાન મનુષ્યોની બુદ્ધિમાં રહેલી હોય છે. એ સમયમાં આ ઋષિમુનિઓ સમાજનું મુખ્ય બળ હોવાથી એમના ઉપર રાક્ષસો વધુમાં વધુ

પાશવી ત્રાસ ગુજારતા અને એમના યજ્ઞોનો નાશ કરી એમનો પણ નાશ કરતા.

આ રાક્ષસો પાસે શક્તિશાળી શસ્ત્રો હતાં, જ્યારે આર્યો પાસે એવાં શસ્ત્રોનો અભાવ હતો. આથી ભરદ્વાજ નામના એક મુનિ અરણ્યમાં કોઇ ખાનગી સ્થળે શક્તિશાળી શસ્ત્રો વિકસાવી રહ્યા હતા અને આવા શસ્ત્રોના જંગી જથ્થાની એમણે જમાવટ પણ કરી હતી. આ શસ્ત્રો તથા અસ્ત્રો એમણે પાછળથી શ્રીરામને આપ્યાં હતાં.

શ્રીરામ નાસિક આવ્યા ત્યારે રાવણની રાક્ષસી સંસ્કૃતિ સમગ્ર ભારતમાં ફેલાવવાની રાવણની યોજના સમજી ગયા. બીજી તરફ શ્રીરામ જેવા એક શક્તિશાળી રાષ્ટ્રના યુવરાજ નાસિક સુધી આવી પહોંચ્યા છે એ સમાચાર રાવણ માટે ચોંકાવનારા હતા! શ્રીરામ અરણ્યવાસીઓના આગેવાન બન્યા હતા એ આ રાક્ષસી સંસ્કૃતિ માટે ભારે જોખમ હતું. રાવણની બહેન શૂર્પણખા દ્વારા રામને વશ કરી લેવાનું કાવતરું કરવામાં આવ્યું, પણ આ કાવતરું નિષ્ફળ ગયું, અને શૂર્પણખાનાં નાકકાન કપાયાં. સીતાજી એ રામની શક્તિ હતાં. સીતાજીનું અપહરણ થાય તો જ શ્રીરામ ભાંગી પડે એવી ચોક્કસ ગણતરીથી રાવણે સીતાનું અપહરણ કર્યું.

રાવણે લંકાથી નાસિક પંચવટી પહોંચવા માટે ત્રિવેન્દ્રમ્, કોચીન, રત્નાગિરિ થઇને નાસિક જવાનો ખાનગી માર્ગ વિકસાવ્યો હતો. આથી જ તે ઘણી જ ઝડપથી આ માર્ગે સીતાજીનું અપહરણ છળકપટથી કરી ગયો. આ ખાનગી માર્ગની રાક્ષસો સિવાય કોઇને જ ખબર ન હતી.



સીતાજીની શોધ કરવા માટે આથી જ શ્રીરામને વાનરોની મદદથી બીજો જ માર્ગ મદ્રાસ તરફથી વિકસાવવો પડયો. આમાં મુશ્કેલીઓ ઘણી પડી. પરંતુ હનુમાનજી, નીલ, અંગદ, સુગ્રીવ તથા એમની અપાર અરણ્યસેનાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. લશ્કરમાં માનવબળ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે તે ચીનના સ્વાતંત્ર્યયુદ્ધ પરથી પુરવાર થયું છે.

શ્રીલંકાના કરોડો રાક્ષસોની સંખ્યાની અતિશયોક્તિને બાદ કરીએ તો લંકામાં રાક્ષસોની સંખ્યા આ અરણ્યવાસીઓની સંખ્યાના હિસાબે ઘણી ઓછી હતી. આ અરણ્યવાસીઓએ શ્રીલંકા સુધી પહોંચવા જે ઝડપથી સેતુ બાંધ્યો એ એમની બુદ્ધિમત્તા દર્શાવે છે. આવી બુદ્ધિમત્તા ધરાવનારાઓને અનાર્ય કેવી રીતે કહી શકાય? જે કંઇ ગેરસમજ થઇ છે તે કવિઓની કલ્પનાથી તથા વાનર શબ્દનો સાચો અર્થ ન સમજવાથી થઇ છે. દક્ષિણ ભારતના આ આર્યોની સિદ્ધિઓ તથા કુશળતા એવી હતી કે તેઓ સુપરહ્યુમન હોવાથી તેઓ ખરેખર મનુષ્ય છે કે નહીં તે માનવામાં મુશ્કેલી હોવાથી તેઓ વા—નર કહેવાતા. જેમની વાહવાહ કરવાનું મન થાય એ વાનર. હોશિયારી માટે આજે પણ દક્ષિણ પરથી દાક્ષિણ્ય શબ્દ વપરાય છે.

સામે ચાલીને આક્રમણ કરનાર માટે કોઇ નગરને ઘેરો ઘાલીને તેને જીતવાનું સરળ બને છે પણ કિલ્લામાં ભરાઇને અથવા બહાર આવીને સંરક્ષણાત્મક યુદ્ધ ખેલનાર માટે પરાજયનો સંભવ વધારે છે. રાવણના પરાજયનું આ પણ એક કારણ ગણી શકાય. રામાયણનો આ બોધપાઠ ભારતના રાજવીઓએ પાછળથી ગ્રહણ કર્યો નહીં. પરિણામે જ મુસ્લીમ

હુમલાખોરો સામે એમનો કરુણ પરાજય થયો.

પછાત વર્ગોની સમસ્યાનું નિરાકરણ શ્રીરામે યોગ્ય રીતે કર્યું હતું. શ્રીરામે આભડછેટ પાળી હોય એવો રામાયણમાં ક્યાંય ઉલ્લેખ નથી. શબરીનાં એઠાં બોર પણ તેઓ પ્રેમથી આરોગે છે. હોડીવાળા ગુહને પણ પ્રેમથી ભેટે છે. પારકાને પોતાના કરી લેવાની કળા શ્રીરામ પાસેથી શીખવા જેવી છે.

શ્રીરામની રાજા તરીકેની ફરજ બજાવવાની રીતની કડક ટીકા ક્યારેક કરવામાં આવે છે, પણ રાજાએ ન્યાય પોતાના સમાજની વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે કરવો જોઇએ. એ સિદ્ધાન્ત આજે ભારતની સરકારે અપનાવ્યો છે. પ્રજાનો અવાજ એ જ ઈશ્વરનો અવાજ. એ સિદ્ધાન્ત તો પાછળથી આવ્યો પણ રામરાજમાં એ સિદ્ધાન્ત અપનાવવામાં આવ્યો હતો. શ્રીરામે પહેલી જ વાર પ્રજાના વિરોધ કરવાના હકને માન્ય રાખ્યો છે. લોકશાહીમાં વિરોધપક્ષોની પ્રથાનું મૂળ રામાયણમાંથી મળી રહેશે.

શ્રીરામને પુષ્પો ચડાવવાં, એમની પૂજા કરવી, એમના ગુણગાન ગાવા, એમના મંદિરો બાંધવાં, રામજન્મભૂમિ માટે આંદોલન ચલાવવું, તે એક બાબત છે, પણ શ્રીરામને અને રામાયણને સાચા અર્થમાં સમજવું તે બીજી જ બાબત છે, અને તે જ ખૂબ મહત્ત્વની વાત છે.



# ગળાની ગાંઠ વગર ઓપરેશને મટી

સરસ્વતી ના. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૯ માર્ચના રોજ અંબાજી સ્વર્ગારોહણ પહોંચ્યાં અમને પણ કહી ગયેલાં કે અંબાજી જેટલાં જલ્દી અવાય એટલાં જલ્દી આવજો. એટલે અમે બંને જણ તા. ૧૦ મી માર્ચે અંબાજી પહોંચી ગયાં. અમને આવેલાં જોઇ એમને આનંદ થયો.

આ વખતે સ્વર્ગારોહણમાં રંગકામ ચાલતું હતું. શ્રી પંડિતજી ને બાપજી તથા શ્રી કંચનભાઇ બધા સાથે મળી આ કામ કરતા હતા. ભાવનગરનાં શ્રી નલિનીબેન ને રંજનબેન પણ હતાં. તો મુંબઇનાં શ્રી નીલાબેન ભટ્ટ, વડોદરાનાં શ્રી મંજુલાબેન ભાવસાર ને મહાલતાબેન તથા પાલનપુરથી શ્રી ચંપાબેન પણ આવેલ હતાં. તા. ૧૮ મી માર્ચ નિમિત્તે પાંચ દિવસની શિબિરની તૈયારીઓ ચાલી રહી હતી.

અંબાજી પહોંચ્યા પછી તા. ૧૪ માર્ચે અચાનક મારા ગળાની જમણી બાજુ એક ગાંઠ ઉપસી આવી. રાતોરાત તે કેવી રીતે આવડી મોટી થઇ ગઇ તે ખબર ન પડી? પૂ. માએ પણ તે જોઇ. તેમને પણ આ અચાનક નીકળેલ ગાંઠથી આશ્ચર્ય થયું. તેમણે સૂચના આપી, "દાક્તરને બતાવો."

તે અરસામાં મને થોડો તાવ પણ આવતો. એટલે અંબાજીના જાણીતા દાક્તર શ્રી ગુપ્તાજીને મને બતાવવા લઇ ગયા. તેમણે ગાંઠ તપાસી તો તે કઠણ લાગી. પરંતુ તેનો કોઇ

દુ:ખાવો ન હતો. ખાતાં કે પાણી પીતાં મને કોઇ હરકત થતી ન હતી. દાક્તરે દવા આપી, સાથે સૂચના પણ આપી કે આ ગાંઠ દુ:ખતી નથી અને એકાએક ઉપસી આવી છે. એટલે થોડું ચિન્તા જેવું ગણાય. કોઇ મોટા દાક્તરને બતાવી નિદાન કરાવી લેવું સારું.

મેં દાક્તર સાહેબને કહ્યું, "અમે અહીં શિબિરમાં આવ્યાં છીએ. અમારી શિબિર ૧૭ તારીખે શરુ થાય છે ને ૨૧ તારીખે પૂરી થશે. તે પછી અમે મોટા દાક્તરને બતાવીશું." તેમણે કહ્યું, "મેં દવા તો આપી છે કે તે વધે નહિ, પરંતુ જેટલું જલ્દી બને તેટલું જલ્દી નિદાન કરાવી લેવું સારું."

અમે ઉતારે આવી પૂ. માને વાત કરી. પૂ. માએ આશ્વાસન આપતાં કહ્યું, "મટી જશે, ચિન્તા ન કરતાં."

પછી એક દિન મને બોલાવી પૂ. માએ પ્રસાદ આપ્યો, તો વળી એક દિવસ ભસ્મ આપતાં કહ્યું, "આને રોજ એ ભાગ પર લગાડજો. દવા અને દૂવા બંને કરવાં. પૂ. ગુરુદેવ મટાડી દેશે."

એ પછી અમે તા. ૨૪ માર્ચ સુધી અંબાજી રોકાયાં. વચ્ચે એકવાર ફરી દાક્તરને બતાવી આવ્યાં. પણ ગાંઠમાં કોઇ ફરક પડેલો નહિ. રોજ રોજ મારા પતિ ને પુત્ર–પૌત્રી વગેરે જોતાં કેટલાક શિબિરાર્થીઓ ચિન્તાભરી પૃચ્છા કરતાં, ગાંઠનું નિરીક્ષણ કરતાં. પરંતુ એ એવી જ હતી. એટલું ખરું કે વધી ન હતી. તેમ જ મને ખાસ તકલીફ કરતી ન હતી.

પરંતુ "ગાંઠ જોઇ કોઇ ગભરાવતાં પણ ખરાં. કદાચ કેન્સરની ગાંઠ પણ હોય. જલ્દી હોંશિયાર દાક્તર પાસે નિદાન કરાવી લેવું સારું."



તો વળી કોઇ સૂચવતું–અમારે આ ડોક્ટર સાથે અંગત પરિચય છે. તે ઘણા હોંશિયાર છે. બાયપ્સી કરાવી લો. આ બધી વાતો સાંભળી મને ચિન્તા થતી ને બીક પણ લાગતી. વાઢકાપ કરાવતાં મને ખૂબ ડર લાગે, એવો મારો સ્વભાવ. તેમાં આ તો વળી ગળાનું કામ. એટલે મારો ભય સકારણ હતો. આથી પૂ. માને પણ મેં એક દિવસ મારા આ ભયની વાત કરી. તો તેઓએ આશ્વાસન આપતાં કહ્યું, "ચિન્તા ન કરતાં. ગુરુકૃપાથી સારું થઇ જશે."

છેવટે અમે તા. ૨૮ મી માર્ચે ભાવનગર આવ્યાં. છોકરાઓ અને મારા પતિએ દાક્તરોને બતાવ્યું. અમારા ફેમિલિ દાક્તરે મને હિંમત આપી કહ્યું, ચિન્તા ન કરતાં મટી જશે. એનો રિપોર્ટ કઢાવી લાવો, એટલે ખબર પડે કે ગાંઠ શાની છે. તેમને તે થાઈરોડની ગાંઠ હોવાનો વહેમ હતો. એટલે રિપોર્ટ કઢાવી લાવ્યા. તેમાં થાઈરોડનું નિદાન ન થયું. રિપોર્ટ નોરમલ આવ્યો. તો અમારા પડોશમાં રહેતી નવી જ દાક્તર થયેલ દીકરી શ્રી અમી ત્રિવેદીએ સિવિલ હોસ્પીટલના મોટા દાક્તરોને બતાવવામાં અમને ઘણી મદદ કરી.

ત્રણ જુદા જુદા મોટા દાક્તરોને બતાવ્યું. સર્જન દાક્તરે તાત્કાલિક ઓપરેશન કરાવી લેવા કહ્યું, તો બીજા એમ. ડી. દાક્તરે તે માટે ઉતાવળ ન કરવા સલાહ આપી. તેમણે દવા લખી આપી. મેં તેઓને કહ્યું, "મારે હરદ્વાર જવાનું છે. એટલે કંઇ વાંધો તો નહિ આવેને?" તેઓએ કહ્યું, "બાયપ્સી કરાવી લેવી સારી. તેનાથી ગાંઠ શાની છે, તેનું ચોક્કસ નિદાન થઇ જશે. પછી એનો ઉપાય કરવાનું સહેલું થાય."

પરંતુ મેં તો મારા પતિને કહી દીધેલું કે જે કંઇ કરાવવું હોય તે હરદ્વારથી આવું પછી કરાવજો. મારે હમણાં બાયપ્સી નથી કરાવવી. તેઓએ મારી વાત માની અને અમે તા. ૯ એપ્રિલે હરદ્વાર ગયાં. પૂ. મા શ્રી સર્વેશ્વરી ત્યાં હતાં જ.

ત્યાં જતાં પહેલાં ભાવનગરમાં અમારા સેવાભાવી સ્નેહી શ્રી લાભુભાઇ વ્યાસને પણ મેગ્નેટીક સારવાર માટે બતાવેલું. તેઓએ ત્રણ દિવસ સારવાર પણ આપેલી.

પૂ. માને અમને જોતાં જ આનંદ થઇ ગયો! તેમને થયું, "ગાંઠની ચિન્તા કરી છોકરાઓએ આવવાનું નથી માંડી વાળ્યું એ સારું કહેવાય." તેઓએ પણ મને પાસે બોલાવી ગાંઠ જોઇ લીધી. હજી તે એવી જ હતી. વધી ન હતી તેમ જ બીજી કોઇ પીડા કરતી નહિ. એટલે કોઇ યાદ દેવડાવે ત્યારે જ એ ગાંઠની મને સ્મૃતિ થતી.

આ બધા દિવસો દરમ્યાન હું પૂ. ગુરુદેવ તથા પૂ. માને પ્રાર્થના કર્યા કરતી, કે હે મા–પ્રભુ "મારે ઓપરેશન ન કરાવવું પડે એવું કરજો. મને ઘણો ડર લાગે છે."

પરિણામે એક દિવસ પૂ. મહાત્માજીએ સ્વપ્નદર્શનમાં મને શાન્તિ આપેલી. પૂ. માએ પણ એવા જ સ્વપ્નદર્શનથી મને સધિયારો આપેલ. આ બંને દર્શનોથી મને ઘણી શાન્તિ થયેલી. મારું મન ખાસ ગભરાટ નહોતું અનુભવતું.

હરદ્વારમાં અમે ૨૪ દિવસ રહ્યાં. અહીંના નિવાસ દરમ્યાન પૂ. મા શ્રી સર્વેશ્વરી રોજ ગંગા માતાની આરતી દિવસમાં બેવાર બોલાવતાં. આરતીની પંક્તિઓમાં પૂ. માએ લખેલું:–



"ગંગા મા હે રોગવિનાશિની, પાપ વિનાશિની હે મા, સર્વ સંકટને હરનારી, ભાગિરથી વંદુ તને..."

"આ લીટીઓ ગાતાં હું ગંગા માને રોજ પ્રાર્થના કરતી કે હે મા, મારો રોગ પણ તમે મટાડી દેજો."

રોજ ગંગાજળ દિવસમાં ઘણીવાર ગાંઠ ઉપર ચોપડતી ને પૂ. માએ આપેલી ભસ્મ પણ લગાડતી.

અને બન્યું પણ એમજ. અમે જ્યારે હરદ્વારથી તા. ૪ મે ૯૧ ના રોજ ભાવનગર આવવા નીકળ્યાં તો મારી ગાંઠ સંપૂર્ણપણે ઓગળી ગયેલી જણાઇ. જોનારને લાગે જ નહિ કે ત્યાં કોઇ ગાંઠ જેવો ઉપસેલો ભાગ હતો. ધીમે ધીમે અંદર ને અંદર તે ઓગળતી ગઇ ને છેવટે સંપૂર્ણ દેખાતી બંધ થઇ ગઇ!

મારી તો એ માન્યતા છે કે પૂ. ગુરુદેવે મારી શ્રદ્ધાની કસોટી કરવા જ જાણે આ લીલા કરેલી. પૂ. મા પ્રભુની કૃપાથી કે શ્રી ગંગા માતાના જળની શક્તિથી–ગમે તે રીતે–મારી ગાંઠની પીડા મટી ગઇ! એ હકીકત છે. પ્રભુની કૃપાનો મારે માટે આ પ્રત્યક્ષ અનુભવ જ થયો ને! મા–પ્રભુનો જય હો, શ્રી ગંગા માનો જય હો.

---

વૃદ્ધાવસ્થા વાઘણની જેમ ઘુરકતી સામે ઊભી છે; રોગો પણ શત્રુઓની પેઠે શરીરઉપર આક્રમણ કર્યાજ કરે છે, કાણા ઘડામાંથી જેમ પાણી ઝર્યા કરે, તેમ આયુષ્ય પણ પ્રતિક્ષણ વહ્યું જાય છે. આ સઘળું આંખોથી જોતાં છતાં મનુષ્યમાં વિવેક જાગ્રત થતો નથી, અને તેથી પોતાનું હિત સાધી ન લેતાં પોતાનું અકલ્યાણ થાય એવાજ આચરણ કરે છે. શું આ એક મહાન્ આશ્ચર્ય નથી?

### શ્રી ભાઈલાલભાઈ છાટબારને

# શ્રદ્ધાંજલિ

મુરબ્બી શ્રી ભાઈલાલભાઈ છાટબારના નામથી અધ્યાત્મના વાંચકો સુપરિચિત છે. તા. ૩ જૂનના દિવસે એક દિનની ટૂંકી માંદગીમાં તેઓનો સ્વર્ગવાસ ભાવનગરમાં થયો.

તેઓ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં મહુવામાં ૧૯૫૪ માં આવ્યા. પૂ. શ્રીની નાની વય, ત્યાગી જીવન, સ્પષ્ટ વિચારસરણિ ને સાધનાની ઉત્કટતા જોઇ, તેઓ શરૂથી જ પ્રભાવિત થયેલા. પૂ. શ્રી પ્રત્યેનાં તેમનાં પ્રેમ અને શ્રદ્ધા અનન્ય હતાં. તેઓને પોતાના સદ્‌ગુરુ તરીકે સ્વીકારી, તેમની યથાશક્તિ સેવા જીવનભર કરતા રહ્યા.

શ્રી ભાઈલાલભાઈ એક આદર્શ શિક્ષક. તેઓએ પૈસા લઇ કદી ટ્યુશન ભણાવ્યાં નથી. આમ છતાં ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા રહેતા. આ એમની વિશેષતા હતી.

તેઓ અંગ્રેજી—ગુજરાતી અને હિંદી ભાષાઓ ઉપર સારું પ્રભુત્વ ધરાવતા. તેમના બહોળા વાંચનને લીધે, તેમની ગણના સારા અભ્યાસુઓમાં થતી. સાહિત્ય એ એમનો પ્રિય વિષય હતો, તો એટલી જ પ્રિય આધ્યાત્મિકતાની એમની અભિરૂચિ.

વિશ્વના વિવિધ ધર્મોનો તેઓએ સારો એવો તુલનાત્મક અભ્યાસ કરેલો. તેઓના દૈનિક જીવનમાં વૈષ્ણવધર્મીનાં શ્રદ્ધા–ભક્તિ અને પૂજા—અર્ચન ઓતઃપ્રોત થયેલાં જણાતાં.

એમનાં ધર્મપત્ની નીલમબેન ખૂબ પ્રેમાળ, સેવાભાવી, શ્રદ્ધાળુ ગૃહિણી હતાં. લગભગ નવ વર્ષ પહેલાં તેઓનો



સ્વર્ગવાસ થયા પછી, તેઓને કોઇ સંતાન ન હોવાથી, એકાકી જીવન ગાળતા.

પ્રતિકૂળતાઓથી ભાંગી પડે એવા એ માનવી ન હતા. તેઓએ પોતાનું એકાકી જીવન હિમ્મતપૂર્વક સાધના માર્ગે વાળી વિતાવ્યું. પૂ. શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં પણ એમની શ્રદ્ધાભક્તિ ઘણી ઊંડી હતી. તેઓની પ્રત્યે પણ તેઓ ખૂબ આદર અને પૂજ્યભાવે જોતા.

તેઓ દરેક બાબતમાં ખૂબ ચોક્કસ. ઝીણવટભરી વિગતોની પણ યથાર્થ નોંધ લે. પત્રોદ્વારા સંબંધો જાળવવાની એમની આવડત અનુકરણીય લેખી શકાય. આતિથ્ય સત્કાર પણ એટલો જ ઉમદા. પરિણામે એમનો મિત્રવર્ગ ઘણો બહોળો, જેમણે એમના એકાકી જીવનમાં ઘણી હૂંફ પૂરી.

ઘણા રોગો ને ભાંગેલ પગ જેવી પરિસ્થિતિઓમાં શ્રી નૌત્તમભાઇ પંડયા અને શ્રી હર્ષદભાઇના પરિવારોએ તેમની પ્રેમપૂર્વક નવ નવ વર્ષ સેવા કરી.

છેલ્લે તેઓ મૃત્યુને ગમે તે ક્ષણે સત્કારવા તૈયાર હોય તેમ જણાતું. મળવા આવનારાઓને તેઓ કહેતા—'કદાચ આ આપણી છેલ્લી મુલાકાત હોય'—તો અમારી નાની પૂજાને આશીર્વાદ આપતાં પાંચ દિવસ પહેલાં જ કહેલું, "બેટા, અમે તો હવે જવાના, પરંતુ તમે મોટાં થઇને પૂ. મા અને મહાત્માજીના કામો ખૂબ ખૂબ કરજો." પૂ. ગુરુદેવ અને પૂ. માનો યશ ખૂબ ખૂબ ફેલાય તેવા વિચારો એ સતત કરતા રહેતા.

મહાત્મા શ્રી યોગેશ્વર પરિવારના તથા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ભાવનગરના આવા એક ઉમદા સજ્જનની ખોટ કોને નહિ લાગે? પ્રભુ એમના આત્માને શાન્તિ આપે—એજ આપણા સહુની અંતરની પ્રાર્થના.

—તંત્રી

# સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ૧૯૯૦–૯૧ દરમ્યાન આપેલ મદદ(દાન)ની વિગતો

**૧. ભાવનગર યુનીવર્સીટી** — રકમ

૧. પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી વ્યાખ્યાન માળા. આ ફંડમાંથી વ્યાજની રકમ રૂા. ૧૦૦૦/– આવે તેમાંથી વર્ષમાં એક વખત પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીના નામે આધ્યાત્મ વિષય ઉપર વ્યાખ્યાન માળા યુનિવર્સીટીના ઉપક્રમે યોજાશે. — ૧૦,૦૦૦

૨. પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ. આ ફંડના વ્યાજમાંથી ફિલોસોફીના તેજસ્વી વિદ્યાર્થીને રૂા. ૪૫૦/– ની શિષ્યવૃત્તિ દર વર્ષે આપવામાં આવશે. — ૫૦૦૦

૩. મહાત્મા યોગેશ્વરજી રોગ નિદાન યજ્ઞ. રોગ નિદાન યજ્ઞમાં દરદીઓને રૂા. ૧૫૦૦/– ની દવાઓ આપવી, પ્રૌઢ નિરક્ષર શિક્ષણ વિભાગ દ્વારા યોજતા યજ્ઞો આ નિદાન યજ્ઞ યુનિવર્સીટીના એન. એસ. એસ. કાર્યક્રમના ભાગરૂપ હશે. — ૧૫૦૦

**૨. ગુજરાત યુનિવર્સીટી–અમદાવાદ**

૧. મહાત્મા યોગેશ્વરજી લેક્ચર ફંડ. આ ફંડમાંથી વર્ષમાં બે વાર ઇન્ડીઅન કલચર એન્ડ રીલીજીયન ઉપર લેક્ચરો ગોઠવાશે. વ્યાજમાંથી ખર્ચ અપાશે. — ૧૫૦૦૦



૨. ગુજરાતની સાત યુનિવર્સીટીની લાઇબ્રેરીઓમાં રૂા. ૮૦૦/– લેખે પૂ. મહાત્માજીના પુસ્તકો ભેટ તરીકે. — ૫૬૦૦

૩. ગુજરાત યુનિવર્સીટીમાં પૂ. મહાત્મા યોગેશ્વરજીએ પાંતજલ યોગદર્શન ઉપર ૧૯૮૪માં આપેલ પ્રવચનની પુસ્તિકા પ્રકાશન પેટે રૂા. ૧૦૦૦૦/– — ૧૭૦૦૦

**૩. કેસેટ લાઇબ્રેરી**

૧. અમદાવાદ, રાજકોટ, વડોદરા, મોરબી, ભાવનગર, સુરતમાં ઓડીયો તથા વિડીઓ કેસેટ લાઇબ્રેરી શરૂ કરવા ૫૦ ટકા ખર્ચ કેન્દ્રે આપવાનું રહેશે, ૫૦ ટકા સર્વમંગલ ચે. ટ્રસ્ટે આપ્યા. — ૩૩૭૫

**૪. શાળાઓમાં**

૧. જલારામ કેળવણી મંડળ કાબોદ્રાની સ્કૂલમાં પાણીની સગવડતા માટે દાન તરીકે આપ્યા. આ ગામની પ્રા. શાળાનું ઉદ્‌ઘાટન પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ કરેલું. — ૨૦૦૦૦

[નોંધઃ–સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ શું કામ કરી રહ્યું છે, તેનો વાંચકોને ખ્યાલ આવે તે માટે અહીં થોડી વિગતો ટૂંકાણમાં આપી છે.]

તંત્રી

રહ્યો છે.' 'પીડા નથી પહોંચાડતો પરંતુ જે સંભવિત છે એનો નિર્દેશ કરી રહ્યો છું. લક્ષ્મણને ઈશ્વર દીર્ઘાયુ કરે અને યાવચ્ચંદ્રદિવાકરૌ જીવતા રાખે. એ અયોધ્યામાં આવશે પરંતુ ચૌદ વરસની અવધિ પછી જ આવી શકશે. પરંતુ તું તો અત્યારથી જ સૂકાઇ જવા માંડી છે ને જાણે કે મરવા પડી છે! આવી રીતે દુઃખી થવાથી શો હેતુ સરી શકશે?'

ઊર્મિલાએ થોડો વખત વિચાર કરીને શાંતિથી કહ્યું. 'મારા દુઃખનું કારણ લક્ષ્મણનો વિયોગ નથી પણ બીજું છે.' નિષ્કામે તરત પૂછ્યું. તને તારા મારી સાથેના વર્તન બદલ પશ્ચાત્તાપ થાય છે? તેં મારી સાથે લગ્ન કરવાની ના પાડી તે માટે હવે રહી રહીને તારું દિલ ડંખે છે કે દાઝે છે?

'ના. એવું પણ નથી. મને એનો જરાય પશ્ચાત્તાપ કે અફસોસ નથી. તારા સંબંધમાં મેં જે કર્યું તે યોગ્ય જ કર્યું છે. એટલે તે બાબત કોઇપણ પ્રકારના પશ્ચાત્તાપની આશા ના રાખતો. એમાં પશ્ચાત્તાપને માટે અવકાશ જ નથી.' 'તો પછી બીજું કયું કારણ છે? તારી વાત તો સમજવામાં જ નથી આવતી.' 'મારી પીડા, ચિંતા તથા મારા વિષાદને તું નહિ સમજી શકે. તેની કલ્પના પણ નહિ કરી શકે. મારી પીડાનું કારણ સીતાનું હરણ છે.' 'સીતાનું હરણ?' નિષ્કામ કાંઇ સમજી ના શક્યો.

'હા સીતાનું હરણ. તને ખબર નથી પરંતુ રામ લક્ષ્મણ સાથે વનમાં રહેનારી સીતાનું કોઇએ હરણ કર્યું છે. પંચવટીના પુણ્યપ્રદેશમાંથી પ્રવાસે આવેલા કોઇ એકાંતવાસી તપસ્વીએ મને થોડા દિવસ પહેલાં એ વાત બતાવેલી. એ વાત સાંભળી છે ત્યારથી જ મારું અને બીજા બધાનું મન ખિન્ન બની ગયું છે.'

નિષ્કામ બોલ્યો. 'એવા સમાચાર સાંભળીને મન ખિન્ન, દુઃખી અને ચિંતાગ્રસ્ત બની જાય એ સ્વાભાવિક છે. એ સમાચાર ઘણા જ કરુણ અને કોઇને પણ માટે વ્યથા પેદા કરે તેવા છે. પરંતુ એ સમાચાર સાચા જ છે એવું તમે સૌએ કેમ માની લીધું?'

'કેમ?' ઊર્મિલાએ સામેથી પૂછ્યું. 'એમાં ના માનવાનું કોઇ કારણ



જ ક્યાં છે? એ વાત એક તપસ્વીના મુખથી સાંભળવામાં આવી છે. કોઇ સામાન્ય માણસે નથી કહી.' 'તું ખોટું ના લગાડતી, ઊર્મિલા! આજે વખત એવો વિપરીત છે કે તપસ્વીઓનો પણ વિશ્વાસ નથી કરી શકાય તેમ. તપસ્વીઓ પણ તપ કરવાનું ભૂલીને સામાન્ય મનુષ્યોની જેમ ફરતા ફરે છે. વળી તપસ્વીઓના રૂપમાં પોતાના સ્વાર્થી હેતુઓની સિદ્ધિ માટે રાક્ષસો પણ ફરવા માંડયા છે. એવા જ કોઇક રાક્ષસે તપસ્વીનો વેશ લઇને તમને સૌને દુઃખી કરવા માટે એવા સમાચાર આપ્યા લાગે છે.'

'પરંતુ અમને દુઃખી કરવામાં એમનો શો લાભ?' 'રાક્ષસોનો સ્વભાવ જ એવો હોય છે કે બીજાને અકારણ દુઃખી કરવામાં એમને આનંદ આવતો હોય છે.' 'આ વાત તો તેં તદ્દન નવી કહી. પરંતુ મને સીતા હરણનું સ્વપ્ન પણ આવેલું.' એમ કહીને ઊર્મિલાએ સંક્ષેપમાં પોતાનું સ્વપ્ન કહી બતાવ્યું.

નિષ્કામે એ સાંભળીને હસતાં હસતાં કહ્યું. 'બધાં સ્વપ્ન સાચાં પડતાં હોત તો પછી જોઇતું' તું જ શું? એવાં તો ભાતભાતનાં કેટલાય સ્વપ્ન આવ્યા કરે છે, પરંતુ તે સઘળાં સાચાં પડે છે?' 'મારા જીવનમાં તો કેટલાય સ્વપ્ન સાચાં ઠર્યાં છે?' 'એટલે કાંઇ બધાં જ સાચાં પડે છે એવું થોડું છે? તું ખોટું ના લગાડતી, પણ મને કેટલીય વાર એવાં સ્વપ્ન આવ્યાં છે કે મારું તારી સાથે લગ્ન થઇ ગયું છે, એટલે એ સ્વપ્નને મારે સાચાં માની લેવાં?'

ઊર્મિલા બોલી. 'એ તો સ્વપ્નાંએ તારા ભાવો તથા વિચારોનો પડઘો પાડયો. તારા મનમાં જે દિવસ રાત રમ્યા અને ભમ્યા કરતું હોય તે જ સ્વપ્નમાં આવે ને? બીજું કશું ક્યાંથી આવે?' 'એ જ વાત તારા સંબંધમાં પણ લાગુ પાડી શકે છે.' 'હું સીતાના હરણના વિચારો કરતી જ ન હતી પછી મને એ વાત ક્યાંથી લાગુ પડે?'

'સીતાના હરણના વિચારો ભલે ના કરતી હોય પણ સીતા, રામ, લક્ષ્મણ અને એમના વનવાસના વિચારો તો કરતી જ હશે. એને લીધે એવું સ્વપ્ન આવે એ સ્વાભાવિક છે. સ્વપ્ન વારંવાર આપણા સંકલ્પો, ભાવો ને

વિચારોમાંથી જ પોતાની આકૃતિ તૈયાર કરતાં હોય છે પરંતુ એમની કાયા બહારથી જુદી હોય છે.'

'સીતાનું હરણ નહિ થયું હોય તો મારા જેટલી શાંતિ બીજા કોઇને નહિ થાય.'

'રામ અને લક્ષ્મણનો પ્રભાવ અને પ્રતાપ એવો અનેરો છે કે એમની હાજરીમાં સીતાનું હરણ કરવાની કોઇની હિંમત જ ના ચાલે. અને ધારો કે કોઇ સંજોગોમાં એનું હરણ થાય તો પણ, રામ અને લક્ષ્મણ એને તરત જ પાછી લઇ આવે, એમના પરાક્રમમાં તને એટલો વિશ્વાસ તો છે ને? 'છે.'

( ક્રમશઃ )

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦

## સમયનું મૂલ્ય સમજી પ્રભુસ્મરણ કરો

જીવન અત્યંત કીમતી છે. પ્રત્યેક દિવસ અને પળનું મૂલ્ય મોટું છે. તેનો સદુપયોગ કરીને મનને પ્રભુસ્મરણમાં લગાડી દેવું જોઇએ. પ્રભુસ્મરણ સિવાયનો સમય અમૂલ્ય હોવા છતાં પણ વ્યર્થ વહી જાય છે. માટે સમજુ પુરુષે જીવનના સુવર્ણ સમયને પ્રભુપરાયણ કરવાની કોશીષ કરવી જોઇએ. એમ કરવાથી મન સ્થિર અને એકાગ્ર થઇ જાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે ને તેમાં પ્રભુપ્રેમની પવિત્ર જ્યોત જાગી ઊઠે છે. પ્રેમની પ્રબળતા થતાં પ્રભુનું દર્શન થઇ જાય છે. ને જીવન કૃતાર્થ થાય છે. એવા ચોક્કસ વિવેકથી નામસ્મરણ કે બીજી કોઇ સાધનાનો આધાર લેવાની આવશ્યકતા છે, ત્યારે જ સાધક સાધનાનું મૂલ્ય સમજી શકે છે. ને તેનો સ્વાદ મેળવવા ને તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા પોતાની સમગ્ર શક્તિને કામે લગાડે છે. ગમે તેવી મુશીબતો ને ગમે તેવાં પ્રલોભનોથી ડર્યા કે ડગ્યા વગર તે આગળ ને આગળ ધપ્યે જાય છે.

પ્રભુપ્રાપ્તિ એ મનુષ્ય જીવનની પવિત્ર ફરજ છે એમ માની મેં નામજપ અને ધ્યાનાદિની સાધનામાં મનને ભર યુવાનીમાં એકદમ પરોવી લીધું.

યોગેશ્વરજી

ADHYATMA Regd.No.GBV 113

# સાધનાની ઈમારતનો પાયો વિચારપૂર્વકના વિવેકને બનાવો

આત્મિક કલ્યાણ માટેની કે ઈશ્વરદર્શન કરવાની ઇચ્છાવાળા સાધકની સાધનાનો પાયો ભય કે પ્રલોભનને નહિ, પણ પવિત્ર વિવેકને જ સાધનાનું પ્રેરણાત્મક પીઠબળ બનાવવાની આવશ્યકતા છે. ભય ને પ્રલોભનના સડેલા પાયા પર ઊભી થયેલી સાધનાની ઈમારત સદ્ધર બની શકતી નથી ને લાંબા કાળ લગી ટકી પણ નથી શકતી. છતાં કેટલાક મોટા માણસો તે પાયાનો આધાર લેતાં અચકાતા નથી, એ ખરેખર આશ્ચર્યજનક છે.

"અમુક ધર્મકામ નહિ કરવાથી અને અમુક વાતમાં વિશ્વાસ નહિ રાખવાથી નુકસાન થશે, અપરાધમાં પડાશે, ને પાપ લાગશે, એટલું જ નહિ, પણ નરકમાં જવું પડશે અને અમુક કામ કરવાથી સ્વર્ગ ને વૈકુંઠમાં વાસ થશે તથા પૃથ્વીપર ના જોયેલા ને જાણેલા પદાર્થો ભોગવવા મળશે." એવી એવી સારીનરસી સૂચના પદ્ધતિનો ઉપયોગ કરે છે ને તેને જ ધર્મ ને સાધનાની સારવાત સમજી બેસે છે, એવી પદ્ધતિ જરા પણ પસંદ કરવા યોગ્ય નથી. આપણે લોકોને ધર્મ અને સાધનાના ઉપકારક કામમાં લગાડવા છે ને બની શકે તો સમસ્ત સૃષ્ટિને પ્રભુપરાયણ કરી દેવી છે, પણ તે માટે ધાકધમકી કે પ્રલોભનોનો આધાર નથી લેવો. તેવા સાધનથી થયેલી સિદ્ધિ ટકે પણ કેટલી? આપણે તો પ્રેમ ને વિવેકનો આશ્રય લેવો છે. સદ્ભાવ ને સહાનુભૂતિથી કામ લેવું છે. તેવા પાયા પર ઊભી થયેલી સાધનાની ઈમારત મજબૂત હશે, અડગ હશે અને અક્ષય બનશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.